Vol No. 66 Issue No. 12 Price Rs. 1/- R.N.I. No. : 11555 / 1957

# જ્યોતિપુંજ

## Jyoti Punj

Total : 36 Pages

March - 2023





legrand®

LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTOR STOCKIST

matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

WHY LEGRAND AT MATCHWELL

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | DLP - LCS² |
| BRITZY | LYNCUS™ |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

Why 1st Choice ?

* Energy Distribution upto 6300A
* Control and Command
* Voice Data Images
* Active International Presence.
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

MATCHWELL ELECTRIC COMPANY

HINDUSTAN TAPEX COMPANY

ADMINISTATIVE SHOP : Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE : 66336766/ 22080067/ 22063916. TALLKFREE :- 022-39567272 /373
E-mail : matchwellelectric@gmail.com / finematch@hotmail.com

DISPLAY SHOWROOM : Shop-8, Muljijetha CHS Ltd. 191-Princess street, Marine Lines (E), MUMBAI – 400 002
PHONE : 022-39567627/ 022- 49764924/ Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644).
E-mail : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 9320331333).

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip PVC ELECTRICAL INSULATION TAPE

Pidilite WD-40 m-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૬ | ૧૨ | ૨૧-૦૩-૨૦૨૩ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી) (જુનાગઢવાળા)

જતીન દેસાઈ / પ્રશાંત પરીખ

તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ

નિલેશ દેસાઈ

પત્રવ્યવહારનું સરનામું

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**

ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,

નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી

કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

**મંત્રી : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

૪૦૩, અનુરાગ બિલ્ડીંગ, ૯ બાણગંગા ક્રોસ લેન,

વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬

(મો.) : ૯૮૨૧૧૧૦૭૪૭

❖❖❖

**: કાર્યાલય :**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**ફોન / વોટસ્ એપ નંબર :** ૯૯૩૦૩૯૯૧૦૦

**સમય :** બપોરે ૨.૦૦ થી ૫.૦૦

❖❖❖

Visit us at www.balasinor.org


# વણાંક બોરી ડેમ

## એક મુલાકાત...

**તંત્રી સ્થાનેથી**

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

પ્રકૃતિના ખોળે, પ્રકૃતિના પાલવમાં, પ્રકૃતિ ને નિહાળવાનો અનેરો મહોત્સવ એટલે ફાગણીયો મહોત્સવ. પ્રકૃતિના સાનિધ્યમાં ફાગણ સુદ-૯ નો આપણો તહેવાર એટલે વાડસોલનો ફગવો. આ મહોત્સવમાં જોડાવું એક અનેરા આનંદની વાત છે.

વાડસોલ, વાડાસિનોર, બાલાસિનોર, છોટેકાશી જેવા વિવિધ નામોથી ઓળખાતા આપણા માદરે વતનમાં ત્રણ દિવસના મહોત્સવમાં મજા માણવાનો મોકો મળ્યો. ધન્ય થઈ ગયા. ખરેખર લાજવાબ..... ત્યાંની કેદાર ટેકરી ઉપર જઈએ અને સન રાઈઝ અને સન સનસેટ જોવાની મજા જ કંઈક અનેરી છે. આકાશ સ્વચ્છ તેમાંય આ વખતે સમી સાંજને સમયે શુક્ર અને ચંદ્રની યુતિ તથા ગુરૂ ગ્રહના દર્શન કરી ભાવવિભોર થઈ ગયા. આવું તો કંઈ કેટલુંય જોવાનું અને માણવાનું મળી જાય આપણે ગામ.

મારા એક વાડાસોલના મિત્ર ડૉ. અમૃત તીરગર (હાલ આણંદ) થકી માદરે વતનમાં વિવિધ જગ્યાઓ જોવાનો અને માણવાનો મોકો મળ્યો. તેમાંય વણાંકબોરી ડેમ એટલે ખરેખર કુદરતના ખોળે વહેતી મહીસાગર નદી અને તેની ઉપર બાંધવામાં આવેલ ડેમ (આડબંધ). ખરેખર ખૂબ જ સુંદર નજારો, નિરવ શાંતિ, પંખીઓનો કલબલાટ અને ગાયોના ઘણની ગૌરજ, ઘેટાંઓના ટોળા, ડેમમાંથી પાણીનો ઘુઘવાટ અને કલબલ વહેતી નદીના પ્રવાહનો પમરાટ આ બધું એક જગ્યાએ માણવાનો અનેરો મોકો મળ્યો. કુદરતના સાનિધ્યમાં કુદરતી રીતે કુદરતને માણી રહ્યાંનો આનંદ અનેરો લાગ્યો. ડેમની પાછળની સાઈટમાં જાણે કે મહી નદી નહીં પણ મહીસાગર. ખરેખર સાર્થક લાગ્યું એટલું બધું પાણી કે ન પૂછો વાત. દૂર સુધી નજર પહોંચે પાણી જ પાણી તેમાંય જળકૂકડી તથા બીજા

II Shree Ganeshay Namah II

**Dipesh Desai : 9821115849 / 8850333537** | **SERVING SINCE 1989** | **Harsh Desai : 7977911412 / 9819158669**

# TRADE LINK

**Authorised Channel Partner : AJMERA | HENSEL | WALTHER | HPL | ATCAB | COMPAQ**
**Stockiest : ABB & Siemens**

**AJMERA**
Marine Lights & Switchgears, Junction Boxes, Industrial Switchgears.

**HENSEL**
PASSION FOR POWER
Junction Boxes (IP 55/65/66/67/68), Mcb Boxes, Street Light Pole Boxes, Cable Drums, Glands.

**walther**
Plug & Sockets, Interlock Switch Socket.

**HPL**
Onload Changeover Switch, ATS, MCCB, Contactors, ACB, Switch Disconnector Fuse.

**ATCAB®**
IP 68 Brass Cable Glands (PG, Metric, Single/double Compression)

**ABB**
MCB (10KA), RCCB, Isolator & Distribution Board.

**SIEMENS**
MCB (6KA), RCCB, Isolator & Distribution Board.

**COMPAQ**
CONNECTING POWER
Cable Jointing Kit & Termination Kit.

**Sales Office:** 209, 2nd Floor, Bulakhidas Building, Vithaldas Lane, Lohar Chawl, Mumbai - 400002.
**H.O. :** 21-B, 1st Floor, Sardar Griha Bldg., 198, Lokmanya Tilak Marg, (33 Lohar Chawl), Mumbai - 400 002.
**Phone :** 4005 5849 / 6933 3231 • **E-mail :** tradelink1967@gmail.com, tradelink_90@yahoo.co.in

**Website : www.tradelinkindia.net**

કેટલાય પક્ષીઓ તેની મજા માણતાં જોયા. મહી નદીની કેનાલમાં પણ ધસમસતાં પાણી જતા અને તે આખા ખેડા જિલ્લાને (ચરોતર) ને હરીયાળા કરે. નદીનું પાણી એકદમ કાચ જેવું એકદમ ચોખ્ખું અને શુધ્ધ. ખરેખર આ સમયમાં અહીંયાનું દ્રશ્ય સુંદર લાગે છે તો ચોમાસામાં નઝારો ખરેખર અનન્ય હશે.

માદરે વતનની માટીની મહેક હજુ પણ હું અનુભવી રહ્યો છું. ત્યાં વિતાવેલી એક એક ક્ષણ હું વાગોળ્યા કરું છું. ખરેખર ફગવાની મજા માણવા માટે તો જવું જ જોઈએ બાલાસિનોરમાં.... ખરેખર આ વખતના ફગવાનો આનંદ અનેરો રહ્યો. મુંબઈની ફાસ્ટ લાઈમાં હળવા-મળવાનો આનંદ છીનવાઈ ગયો છે. ચાહીને લોકો ફગવામાં આવ્યા, પ્રેમથી એકબીજાને મળ્યાનો, એકબીજાને ઘરે ગયા અને પોતીકાને મળ્યાનો સંતોષ સહુને થયો.

આ વખતનો ફગવો પણ સર્વ રીતે ધન્ય હતો. સૌના દિલને સ્પર્શી જાય તેવો આવકાર, ભાઈચારો, સ્વયંશિસ્ત. રોજરોજ કંઈક નવા અનોખા સ્વાદિષ્ટ ભોજન, એની લિજ્જત પણ અનેરી.

ફગવાના દિવસની શિસ્ત, સ્વયંસેવકોની કાર્યશૈલી કાબિલેતારીફ હતી. આટલા બધા વૈષ્ણવોમાં ક્યાંય રઘવાટ, ભાગાદોડ ન હતા. એકદમ શાંતિ ભર્યા, એખલાસ ભર્યા વાતાવરણમાં વૈષ્ણવો પ્રસાદ લેવા હરોળમાં ગોઠવાયા અને શાંતિથી, પ્રેમથી પ્રસાદ આરોગ્યો.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા ક્રિકેટ મેચ યોજાઈ એટલે લોક જુવાળમાં જુસ્સો ઓર વધ્યો. અનેકવિધ કાર્યક્રમ અન્ય સંસ્થાના પણ થયા એટલે લોકોને બધું જ અનૂકુળ, હૃદય સ્પર્શી અને પોતીકું લાગ્યું. મારું અંગત મંતવ્ય છે કે બાલાસિનોરના ઈતિહાસમાં કોરોના કાળ પછી આ ફગવો ટર્નિંગ પોઈન્ટ સાબિત થશે અને હવે આવનારા દરેક ફગવામાં નવા નવા લોકો અનેકભર્યા ઉત્સાહ અને જુસ્સાથી જોડાશે ત્યારે ઘણી વ્યવસ્થાઓ ઉભી કરવા યજમાને કમર કસવી પડશે.

***


ll Jay Jay Shree Gokulesh ||

**Kinjal Parikh**
8104682589
9820815584

**Chintak Parikh**
9324310473
9819286125



**ESTATE AGENT**

*Flat/Shop/Office/Gala/Shed*

**BUY - SELL - RENT**

**Other Services**

- Housing Loan
- Loan Against Property
- Mou
- Agreement
- Registration
- Notary

Maha Rera No : A51900019245

YOUR DREAM'S OUR GOAL



**Yoga By Bankim Parikh**

ONLINE YOGA SESSIONS

CONNECT WITH YOUR SOUL

- Pranayam
- Aasanas
- Power Yoga
- Surya Namaskar
- Stretching
- Other Kriyas
- Meditation
- Relaxation & Shavasan
- Knowledge Sharing



**Batch 1** : Mon to Fri - 7 am to 8 am
**Batch 2** : Mon - Wed - Fri - 4.30 pm to 5.30 pm

Bankim : 9820434322
Shachi : 8097779825

RELEASE YOUR MIND AND BODY


KIRLOSKAR GREEN POWER IDEAS
IMPALA
Sintex
penta
HONDA POWER EQUIPMENT
ESPA
BOSCH
Captain
PREMIUM
HAVELLS
Falcon
Einhell
SHAKTI
C.R.I. PUMPS
USHA
• Pumps • Motors • Generators • Engines
• Gear Boxes • High Pressure Cleaners
• Garage Equipments • Workshop Machinery
• Construction Machinery • Power Tools
• Blowers • Material Handling • Tanks • Fans
nipa®
nipa commercial corporation
Plot No. 105/24, Sector 23, Janata Market Turbhe, Navi Mumbai - 400 705. INDIA. TEL.: 91 22 27832099 Fax: 27832063 Cell: 09820130161
Tel.: 41517474 (30 Lines) Fax.: 41517471 / 72 Email: info@nipa.asia Cell: 09820130161
Branches at : ANDHERI & KALBADEVI

**SHREE BALASINOR NAVYUVAK SANGH**
**ORGANISED**
**SMT.MANORAMABEN HASMUKLAL DHARIA(SURATWALA)**
**SPONSORED**
**SHRI.DILIPBHAI MULJIBHAI DHARIA (Lalkha)**

# BNS LALKHA TROPHY 22-23

**WE ARE THANKFUL TO SARVODAYA CRICKET CLUB HASTE DR. ASIT PATEL FROM BALASINOR FOR BEING A CO-SPONSOR FOR THIS TOURNAMENT**

**Following are the results of BNS Lalkha trophy Series of 8 T20 DAY & NIGHT MATCHES**

| Match | Result |
|---|---|
| MATCH 1 | BNS TEAM WON BY 4 RUNS |
| BNS vs BALASINOR ARTS COLLEGE | BNS TEAM – 156/6 (20 Overs) College TEAM – 152/8 (20 overs)<br>MAN OF THE MATCH - DHARAV PARIKH<br>Batting – 26 runs in 27 Balls Bowling – 4-0-23-4 |
| MATCH 2 | BNS TEAM WON BY 42 RUNS |
| BNS vs BALASINOR ARTS COLLEGE | BNS TEAM – 163/10 (19.4 Overs) College TEAM – 121/8 (20 overs)<br>MAN OF THE MATCH - KANISHQ PARIKH<br>Batting – 65 runs in 46 Balls Bowling – 3-0-13-1 |
| MATCH 3 | BABI BALASINOR TEAM WON BY 55 RUNS |
| BNS vs BABI BALASINOR | BABI TEAM – 209/10 (19.4 Overs) BNS TEAM – 154/8 (20 overs)<br>MAN OF THE MATCH - FARID SHAIKH<br>Batting – 68 runs in 37 Balls Bowling – 4-0-30-2 |
| MATCH 4 | BABI BALASINOR TEAM WON BY 64 RUNS |
| BNS vs BABI BALASINOR | BABI TEAM – 170/7 (20 Overs) BNS TEAM – 106/10 (19.1 overs)<br>MAN OF THE MATCH - FARID SHAIKH<br>Batting – 24 runs in 21 Balls Bowling – 4-0-21-3 |
| MATCH 5 | SARVODAYA CRICKET CLUB TEAM WON BY 68 RUNS |
| BNS vs SARVODAYA CRICKET CLUB | SARVODAYA TEAM – 220/3 (20 Overs) BNS TEAM – 152/8 (20 overs)<br>MAN OF THE MATCH - HITESH MAHERA<br>Batting – 114 runs in 55 Balls |
| MATCH 6 | SARVODAYA CRICKET CLUB TEAM WON BY 13 RUNS |
| BNS vs SARVODAYA CRICKET CLUB | SARVODAYA TEAM – 149/9 (20 Overs) BNS TEAM – 136/9 (20 overs)<br>MAN OF THE MATCH - MAYANK PATEL<br>Bowling – 3-0-20-3 |
| MATCH 7 | BNS TEAM WON BY 22 RUNS |
| BNS vs SARVODAYA CRICKET CLUB | BNS TEAM – 154/10 (20 Overs) SARVODAYA TEAM – 132/10 (20 overs)<br>MAN OF THE MATCH - DAXIT GANDHI<br>Bowling – 4-0-29-5 |
| MATCH 8 | BNS TEAM WON BY 23 RUNS |
| BNS vs SARVODAYA CRICKET CLUB | BNS TEAM – 193/9 (20 Overs) SARVODAYA TEAM – 170/9 (20 overs)<br>MAN OF THE MATCH - KANISHQ PARIKH<br>Batting – 103 runs in 65 Balls |

**BNS Team level the series by 4-4 and retained the BNS lalka trophy**

| | | | |
|---|---|---|---|
| BEST FIELDER | DAKSH DESAI | BEST BASTMAN | KANISHQ PARIKH |
| BEST BOWLER | DAXIT GANDHI | MAN OF THE SERIES | KANISHQ PARIKH |




**KANISHQ PARIKH**
**CREATED A HISTORY FOR MAKING CENTURY IN BALASINOR AFTER 35 YEARS**

Cash reward was declared by Shri Rakesh Dharia & Saumil Dharia son's of Late Shri Dilipbhai Muljibhai Dharia (Lalkha) Best Fielder, Bowler & Bastman – Rs. 2500/- & Man of The Match – Rs. 7500/-

**Thanks to all the sponsors for making this tournament a grand success.**
**Thanks to Shri. Jigar Kadakia and Shri. Mayur Patel who played a major role in succeeding this event.**
**Thanks to office bearers, coordinator and sub cricket committee members for their efforts towards fulfilling of dream to conduct DAY & NIGHT BNS Lalkha Trophy.**

| Secretary | Co-Ordinator | Convenor |
|---|---|---|
| Shri Alpesh Dharia | Shri Ripal Parikh | Shri Apurv Dharia |

# તમારા સ્નેહભાવને પરંપરાગત ગુજરાતી અલંકારોથી વ્યક્ત કરો !



**પેઢી દર પેઢીના વારસાગત અનુભવથી** અમારી કારીગરીએ ઘણા પારખુ ગ્રાહકોને સંમોહીત કર્યા છે.
નકશીકામની ગુણવત્તા કહો કે પછી શ્રેષ્ઠકૃતિની રચના,
જોતાં જ ગમી જાય એવા અલંકારો અમે આપની સમક્ષ પ્રસ્તુત કરીએ છિએ.

પધારો; પરંપરાગત ગુજરાતી અલંકારોની ઉત્કૃષ્ટ શ્રેણી
અમારા એકમાત્ર બુટિક - એસ. વી. રોડ, અંધેરી ખાતે નિહાળો.

Since 1962

## સોની શિવલાલ જ્વેલર્સ પ્રા. લિ.

સુવર્ણ અને હિરાનું કલાત્મક સંગ્રહસ્થાન, ખરીદદાર, વેચનાર, નિકાસકર્તા અને સરકારમાન્ય વેલ્યુઅર

**શો-રૂમ : શોપ નં. ૧ અને ૨, સેન્ટર સ્કવેઅર બિલ્ડીંગ, ફિદાઈ એકેડમીની બાજુમાં,**
**એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૮ | ફોન : +૯૧-૨૨-૨૬૭૦ ૫૪૫૪ / ૪૦૧૩ ૯૧૫૫**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘને પ્રાપ્ત થયેલ દાન

૧. શ્રીમતી ઉષાબેન રજનીકાંત શાહ (ચકવા) તરફથી રૂા. ૫,૦૦,૦૦૦/-
મેડિકલ ટ્રીટમેન્ટ ફોર વીમેન એન્ડ ચિલ્ડ્રન માટે પ્રાપ્ત થયા છે.

ઉપરોક્ત દાતાનો સંઘ આભાર માને છે.

મંત્રી - અલ્પેશ ધારીઆ  પ્રમુખ - સમીર ગાંધી

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## જાહેર ટેંડર

### શ્રી મનોજભાઈ / શ્રી અમરીશભાઈ કચેરીયા કન્સેશનલ નોટબુક યોજના તથા શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટબુક રાહત યોજના

નોટબુક છપાવવા માટે ટેન્ડર મંગાવવામાં આવેલ છે. ઈચ્છુક નોટબુક ડીલરોને વિનંતી કે સંયોજક શ્રી દર્શન પરીખનો સંપર્ક કરે અને નોટબુક વિષે માહિતી મેળવી લે. તેઓએ પોતાની ઓફર (સીલ્ડ) Sealed કવરમાં શ્રી બાલાસિનોર નવયુવક સંઘ, વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, ગીરગાવ, સીક્કા નગર, મુંબઈ - ૪૦૦ ૦૦૪ **તા. ૨૫-૪-૨૦૨૩** પહેલા જમા કરાવવાની રહેશે.

| | | |
|---|---|---|
| નોટબુક સાઈઝ | - | A-4 ઝમ્બો રહેશે. |
| નોટબુક દરેક પાના | - | ૫૪ ગ્રામ રહેશે. |
| નોટબુક કવર પેજ સાથે | - | ૧૮૪ પાના રહેશે. |

મંત્રી
શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ

સંયોજક
શ્રી દર્શન હરીશ પરીખ

## આવનારું ફાઈનાન્સીયલ વર્ષ ૨૦૨૩-૨૦૨૪ - સર્વને હાર્દિક શુભેચ્છા...

આવનારું નવું વર્ષ દરેક ઈન્ડસ્ટ્રી, સ્ટાર્ટઅપ, નાની કે નામાંકિત કંપનીઓ માટે અઢળક તકોથી ભરપૂર હોય, કારણ કે ઈન્ડસ્ટ્રીઝ અને ગ્રાહકો ઝડપથી શિફટિંગ, અપડેટિંગ અને વધારે ડિમાન્ડિંગ કરતા થઈ ગયા છે. તેથી જરૂરી નથી કે નવા વર્ષ માટે મોટા પ્લાન, વિઝન કે રિઝોલ્યુશન્સ હોવા જોઈએ. માત્ર રોજિંદા વ્યવસાયમાં જ સૂક્ષ્મ ફેરફારો કે સુધારા પણ આવનારા વર્ષમાં ખૂબ સારું પરિણામ લાવી શકે છે. ફક્ત જરૂરી છે આપણા નક્કી સંકલ્પોને S.M.A.R.T. એનાલિસિસથી અમલમાં મૂકવાની SMART નો સંકલ્પ ધ્યાનમાં રાખવા જેવો છે Specific, Measurable, Attainable, Realistic અને Timely હોવો જોઈએ. તેથી, એક મોર્ડન બિઝનેસમેન અત્યારના ટ્રેન્ડ પ્રમાણે નવા સંકલ્પો ધારણ કરી શકે છે અને નવી ઉંચાઈ પ્રાપ્ત કરી શકે છે.


AUTHORISED DISTRIBUTOR
ABB
TEKNIC
ESSEN
socomec
Innovative Power Solutions
ELMEASURE
elmex
SCI
ABB
elmex
ESSEN
ELMEASURE
socomec
Innovative Power Solutions
SCI
TEKNIC
R.K. Engineering Pvt. Ltd.
( Formerly known as R. K. Trading Co. )
www.rkepl.co.in
Corporate Office:
Gala No. 36, Bldg No.3, Mittal Industrial Estate,
Andheri Kurla Road, Andheri (East), Mumbai - 400059
Tel.: 022- 4229 0033/35/36
Registered Office:
B/24, Sujal Mansion, Bhangwadi,
Kalbadevi Road, Mumbai - 400002.
Tel.: 022-39567219 / 40103663
Mobile: 98200 45111 / 98205 97149 / 9820140077
Email: dhrutan@gmail.com | kalpesh18189@gmail.com | sasadhsa@gmail.com | sales@rkepl.co.in

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી તથા
શ્રીમતી મૃદુલાબેન રમેશચંદ્ર ધારીઆ (શહેરાવાળા) પુરસ્કૃત

# મહિલા વિભાગ

## લવાજમ

વર્ષ ૨૦૨૩-૨૦૨૪નું વાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/- તથા એક પાસપોર્ટ સાઈઝ ફોટો અને જૂના મેમ્બરશીપ કાર્ડ સાથે તા. ૧૫ એપ્રિલ ૨૦૨૩ સુધી નીચે જણાવેલ કોઈપણ કમિટી બહેનોને આપી શકાશે.

મનીષા કડકીઆ - કાંદિવલી - ૯૯૨૦૩૪૭૩૨૨
કૃપા દેસાઈ - નવજીવન સોસાયટી - ૯૮૧૯૫૭૧૯૮૪
અલ્પા મોદી - તારદેવ - ૯૮૧૯૭૦૩૧૩૬
તેજશ્રી પરીખ - પ્રાર્થના સમાજ - ૯૮૩૩૮૭૪૫૦૬
માલવિકા કચેરીઆ - વાલકેશ્વર - ૯૯૬૯૫૧૭૦૬૧
નિતલ પરીખ - ફોરજેટ સ્ટ્રીટ - ૯૭૭૩૫૨૦૦૫૮
રચના શાહ - બોરીવલી - ૯૩૨૩૩૨૩૯૯૭
તનુજા શાહ - હાજીઅલી - ૯૦૨૯૯૦૮૫૪૪
કૃતિકા મોદી - પાર્લા/અંધેરી - ૭૫૦૬૧૭૯૦૩૮
પ્રિતી પરીખ - કાંદિવલી - ૯૮૧૯૬૫૨૧૧૨

મંત્રી- અલ્પેશ ધારિયા
સંયોજક - મનીષા કડકીઆ (૯૯૨૦૩૪૭૩૨૨)


**દક્ષેસ જયંતિલાલ ભટ્ટ (ગોર)**

(જ્યોતિર્વિદ-મુંબઈ)

**Sankalp Astrologist & Palmist**

તથા

જ્યોતિષ, કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર, લગ્ન, વાસ્તુ, સિમંત, નવચંડી, નારાયણબલિ, પંચબલિ, પ્રાણ પ્રતિષ્ઠા, ઉત્તર ક્રિયા, નક્ષત્ર શાંતિ, શ્રીમદ્ ભાગવત પારાયણ, યોગશાંતિ, પંચયાગ, દરેક પ્રકારની પૂજા વિધી, ઓન લાઈન પુજા અને માર્ગદર્શન.

મો. - ૯૫૯૪૩૨૬૨૦૨


## ‘જ્યોતિપુંજ’ (માસિક)

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ અન્વયે
‘જ્યોતિપુંજ’ પત્રિકા અંગેની માહિતી
ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં.-૮)

| | | |
|---|---|---|
| ૧) | પ્રકાશનનું સ્થળ | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રિટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |
| ૨) | પ્રકાશનની સામયિકતા | : માસિક |
| ૩) | મુદ્રક અને પ્રકાશકનું નામ | : બંકિમ રજનીકાન્ત પરીખ |
| ૪) | રાષ્ટ્રીયતા | : ભારતીય |
| ૫) | તંત્રીનું નામ | : બંકિમ રજનીકાન્ત પરીખ |
| ૬) | જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય કુલ થાપણના એક ટકાથી વધારે થાપણના નામ અને સરનામાં | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રિટ, વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |

હું, બંકિમ રજનીકાન્ત પરીખ આથી જાહેર કરૂ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

મુંબઈ (સહી) : બંકિમ રજનીકાન્ત પરીખ
તા.૨૧.૩.૨૦૨૩ પ્રકાશક : ‘‘જ્યોતિપુંજ’’

# SWETA ELECTRIC CORPORATION

**71, MANGALDAS ROAD, LOHAR CHAWL, MUMBAI - 400 002**

**TEL NO.: 22087171 / 22088662 / 65207269**

**Email: sweta@xlelectricals.com**

**PRAFUL SHAH : MOB: 98339 25359**

## AUTHORISED DEALERS


dowell's®

AN ISD 9001 - 20001 CERFIED CO





BRASS CABLE GLANDS



LUGS AND TOOLS

# જંતુઓ રોગનું કારણ નથી

✍ ડૉ. રીટા ગાંધી

જંતુઓ રોગનું કારણ નથી
Germs do not cause diseases
किटाणु रोगों का कारण नही हैं

નવી ભોજન પ્રથા Change of Life Style રોગનું કારણ જંતુઓને માનતી નથી.


**ઉદાહરણ :** જ્યાં કચરો હોય છે ત્યાં માખીઓ આવે છે. જ્યાં કાદવ હોય છે ત્યાં મચ્છરો પણ હોય છે. મચ્છરોને હાનિકારક સમજીને મારવામાં આવે છે, પણ જે કચરામાં રહે છે તે દૂર કરવામાં ન આવે તો ફરીથી માખીઓ આવે છે અથવા મચ્છરો ત્યાં આવે છે. માખીઓ કે મચ્છરોથી કાયમી છુટકારો મેળવવા માટે તે ગંદકી દૂર કરવી જરૂરી છે. ગંદકીની ગેરહાજરીને કારણે મચ્છર કે માખીઓ પણ રહેશે નહીં.

આપણા ખોટા ખાવા-પીવાથી આપણા શરીરમાં કબજિયાત, લોહીની વિકૃતિઓ વધે છે. આ ગંદકીમાં વિવિધ પ્રકારના કિટાણુંઓ ઉત્પન્ન થાય છે. જો આપણું ખાવા-પીવાનું સારું હોય તો કબજિયાત થતી નથી, જો શરીરમાં ગંદકી જમા થવા ન દેવામાં આવે તો કિટાણુંઓ થવાની શક્યતા નથી. શરીરની અંદર હાનિકારક તત્વો જમા થવાથી કિટાણુંઓ માટે પથારીનું કામ કરે છે.

નવી ભોજન પ્રથામાં Change of Life Style શરીરને સુધારવું પડશે, શરીરમાંથી ગંદકી દૂર કરવાથી ગંદકીમાં રહેલા કિટાણુંઓ પણ સાફ થઈ જાય છે.

જો આપણે આપણા ખાવા-પીવાને સ્વચ્છ રાખીએ, આપણા વિચારો અને વર્તનને યોગ્ય રાખીએ, કબજિયાત ન થવા દઈએ તો શરીર વિકારોથી મુક્ત રહેશે. આવી સ્થિતિમાં બહારથી જો રોગના કિટાણુંઓ શરીરમાં પ્રવેશે તો પણ તેઓ ટકી શકશે નહીં અને આપણી જીવનશક્તિ તેમને ધક્કો મારીને બહાર ફેંકી દેશે. ન્યુ ડાયટ સિસ્ટમના સિદ્ધાંત મુજબ જો શરીરની અંદર ગંદકીના કિટાણુંઓનું વિસ્તરણ ન થાય તો કિટાણુંઆ પણ આપણને નુકશાન પહોંચાડી શકતા નથી. જીવજંતુઓના બાહ્ય હુમલાથી બચવા માટે આપણે આપણા શરીરને સ્વચ્છ અને જીવનશક્તિને સ્વસ્થ રાખવી જોઈએ.

નવી ભોજન પ્રથા અપનાવી રોગમુક્ત રહો. ***

Dent Villa
The Complete Family Dental Care

Dr. Shikha Dharia
BDS

Treatments we offer :
- Consultation with X-ray
- Scaling
- Root Canals
- Filling
- Implants
- Dentures
- Crowns
- Teeth whitening
- Orhtodontic treatment
- Child dental care
- Dental jewellary



To avail a free consultation and 15% Discount on all your treatment
Call us on :
8779558970
8879088330
dr.shikhadharia@gmail.com

Address : 9/10, Ground Floor, Keshavji Vallabhji Building, Opp. Geeta Building, Pandita Ramabai Marg, Gamdevi, Grant Road (W), Mumbai 400 007
Monday to Saturday : 10.00am to 8.00pm

**Kunal Dharia**
**+91 98209 22411**

**Asit Dharia**
**+91 98200 39305**

norisys®



Electrical switchgear designed for perfection from the pioneer of modular switches in India. Each day Norisys engineers work to bring about a combination of innovative designs and materials in order to create products that are best suited to meet users requirements.

**Authorised Distributors:**

DEEPAK ELECTRIC CORPORATION

156, Lohar Chawl, Mumbai - 400 002.
Tel. : 022 - 2206 6539 | 2206 4839 | 2206 6745
Talkfree : *7777 | *3177 | 8530981229
Email: norisysmumbai@gmail.com | deepaknw@gmail.com

**Pankil Dharia**
**+91 98200 44351**

**Nishith Dharia**
**+91 98200 89657**

*Official Distributor of*

Schneider Electric | SELEC® Creating Best Value

**SENTINEL ELECTRIC CO.**

Mumbai Branch : Lawyers Chamber, 24, R.C. Mama Path, Lohar Chawl, Mumbai - 400 002.
Telefax : 022 - 2206 3528 | 2205 3536 | 2208 5915 | 2203 0555
Talkfree : *7365 | *7366 | 96194 57730
Email: sentinel.mumbai@gmail.com | Website : **www.sentinelelectricco.com**

# કાળઝાળ ગરમી અને કલિંગર

✍ નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

વધતા ઉષ્ણતામાન અને ભારે ગરમીની અસર વિવિધ બિમારીઓ અને મૃત્યુને પણ આમંત્રણ આપી શકે છે. ગરમીના દિવસોમાં હીટસ્ટ્રોક ચિંતાજનક બની શકે છે. ઉનાળામાં ગરમ હવામાન શા માટે સમસ્યારૂપ બની શકે છે અને તેનાથી બચવા અને સ્વસ્થ રહેવા માટે કલિંગરનું સેવન કરવું એ મહત્વનું છે.

તરબૂચ કે કલિંગર (વૈજ્ઞાનિક નામ સિટ્રુલસ લેનેટસ - Cirtrullus lanatus Thunb). ક્યુકરબિટેસી કુળ (કોળા, દૂધી વગેરે કુળ) નું ફળ છે. તે જમીન પર પથરાયેલા વેલા પર ઉગે છે. જેનું મૂળ ઉદ્ભવ સ્થાન આફ્રિકા ખંડના દક્ષિણના દેશોને માનવામાં આવે છે. વનસ્પતિશાસ્ત્રની ભાષામાં પેપો ફળ તરીકે ઓળખાતા વિશિષ્ટ પ્રકારનું આ ફળ છે. જે ખુબ જાડી છાલ અને રસાળ ગર ધરાવે છે. આ અધોજાયી અંડાશયમાંથી પરિણમતાં એ પેપો ફળ ક્યુકરબિટેસી કુળની લાક્ષણિકતા ધરાવે છે. કલિંગર પણ પેપો ફળ હોવાને કારણે જાડી લીલી કે ઘાટી અને આછી લીલી તથા પીળી ઝાંયવાળા ચટપટા ધરાવતી છાલ, જે અંદરની તરફ સફેદ હોય છે, તથા મધ્યમાં અનેક કાળા બીજ પથારેયેલો લાલ રંગનો રસાળ મીઠો ગર ધરાવે છે. ફળ તરીકે કે અન્ય ફળોની સાથે કટકા કરીને તેને સમગ્ર વિશ્વમાં ખાવામાં આવે છે.

જ્યારે ભર ઉનાળામાં ભારતમાં ઘણાં સ્થાને ઉષ્ણતામાન ૪૦ થી ૫૦ ડિગ્રી સેલ્સિયસ સુધીનું હોય ત્યારે કલિંગરનો રોજીંદા આહાર તરીકે છૂટથી ઉપયોગ કરવો જોઈએ. આ વર્ષે સૂર્યદેવતા વધુ ઉગ્ર બને તો તેની નવાઈ નહીં કેમ કે આ વર્ષે આજે માર્ચ મહિનાની શરૂઆતમાં આ લેખ લખાય છે ત્યારે જ સૂર્યદેવે તેની ઉગ્રતા દાખવવાનું ચાલુ કરી દીધું છે. મે મહિનામાં તેનો રોષ વધુ ઊંચો જાય તો નવાઈ નહીં. આવા સંજોગોમાં ગરમી - લૂ થી બચવા અને પોતાને સલામત રાખવા કેવી કેવી તૈયારી રાખવી એ વધુ મહત્વની વાત બની જાય છે. કાતિલ ગરમીમાં ઘરમાંથી બહાર નહીં નીકળવું એ તે સમજ્યા, પણ તે ઉપરાંત બીજું શું શું કરી શકાય એ પણ એટલું જ મહત્વનું છે કેમ કે આવી ભયાનક ગરમીથી તો મોત પણ નીપજી શકે છે, એવું તબીબોનું કહેવું છે.

આપણાં બાપ-દાદા કહેતા આવ્યા છે કે ઉનાળાના અમૃત ફળ સમાન ફળ એટલે કલિંગર, દાક્ષ અને સક્કરટેટી એકદમ સસ્તાં અને કારગત.

તો આજે આપણે જાણીશું અને સમજશું કે કલિંગર ખાવાના શું ફાયદા અને તેનું સેવન કયા સમયે કરવું.

ગરમીની ઋતુ આવી ગઈ છે. એવામાં શરીરને ઠંડક આપવા માટે કલિંગરનું સેવન કરવું એ સારો વિકલ્પ છે. ગરમીથી રાહત આપવાની સાથે જ, આપણા સ્વાસ્થ્ય માટે પણ કેટલીય રીતે ફાયદાકારક છે. કલિંગરમાં રહેલ પોટેશિયમ, રાઈબોફ્લેવિન, આર્યન, કેલ્શિયમ, ઝિન્ક, ફાઈબર, નિયાસિન, આયર્ન, વિટામીન-એ, સી, બી અને લાઈકોપીન જેવા કેટલાય પોષક તત્વ હોય છે. જે આપણા સ્વાસ્થયને તંદુરસ્ત રાખવાનું કામ કરે છે.

આવો આપણે સમજીએ આ ફળ શરીરને કેવી રીતે ફાયદો પહોંચાડે છે અને તેના સેવનનો યોગ્ય સમય કયો છે.

કલિંગરના સેવનથી અથવા તેનો જ્યુસ પીવાથી, શરીરમાં બેડ કોલેસ્ટ્રોલને બનતા અટકાવી શકાય છે. જે હાર્ટ પ્રોબ્લેમ માટે સૌથી મોટું કારણ બને છે. તેમાં મળી આવતા સાઈટ્રલાઈન નામનો પદાર્થ હાર્ટના એથેરોસ્ક્લેરોસિસ પ્રોબ્લેમને દૂર કરવામાં મદદ કરે છે.

કલિંગરમાં ફાઈબર અને પાણીનું પ્રમાણ ઘણું વધારે


SHAH & SHAH ENTERPRISE
1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai - 400002.
022 - 2201 7283
info@shahent.co.in
www.shahent.co.in
+91-98198 17568 / 98670 13920
Lohar Chawl Talk Free Extension - *743
Authorized Stockists:
MERSEN
Expertise, our source of energy
Solar PV Fuse
Time Delay Fuse
Midget Fast-Acting Fuse
UltraSafe™ FuseHolder
Protistor fuse (all sizes)
BS Semiconductor fuse
Semiconductor
SPDs
D-Link
Building Networks for People
CAT5E
CAT6
CAT6A

હોય છે. આ બંને જ વસ્તુઓ પાચનક્રિયાને ઠીક રાખવામાં મદદરૂપ થાય છે. તેના સેવનથી પાચનક્રિયા સરખી રીતે કામ કરે છે અને કબજિયાત, ડાયેરિયા તેમજ ગેસ જેવી મુશ્કેલીઓથી પણ છૂટકારો મળે છે.

કલિંગરનું સેવન વજન ઘટાડવામાં પણ મદદ કરે છે. તેમાં કેલેરીનું પ્રમાણ ઓછું હોય છે અને ફાઈબરનું પ્રમાણ વધારે હોય છે. તેનાથી પેટ જલ્દી ભરાઈ જાય છે અને અન્ય વસ્તુ ખાવાનું મન નથી થતું. તેમાં પાણી પણ ઘણું હોય છે જે શરીરમાંથી વિષાયુક્ત પદાર્થોને બહાર કાઢે છે. આ સાથે જ શરીરને ડિહાઈડ્રેટ પણ થવા દેતું નથી.

કલિંગરના સેવનથી ઈમ્યૂનિટી મજબૂત થાય છે. તેમાં રહેલું વિટામિન સી ઈમ્યૂન સિસ્ટમને મજબૂત કરવામાં મદદ કરે છે. આ સાથે જ તેમાં રહેલું ફાઈબર આંતરડાને ઠીક રાખે છે, અને વિટામિન એ ઈમ્યૂન સિસ્ટમને ઈન્ફેકશનથી બચાવે છે.

માંસપેશિઓમાં થતાં દુઃખાવાથી રાહત મેળવવા માટે પણ તમે કલિંગરનું સેવન કરી શકો છો. તેમાં રહેલ ઈલેક્ટ્રોલાઈટ્સ અને એમીનો એસિડ સાઈટ્રલાઈન મસ્લસ પેઈનને દૂર કરવામાં મદદ કરે છે.


કલિંગર ખાવાથી બ્લડ પ્રેશર કંટ્રોલમાં રહે છે. તેમાં રહેલ સાઈટ્રલાઈન નામનો એમિનો એસિડ બલ્ડ પ્રેશર કંટ્રોલ કરવામાં મદદ કરે છે. આ સાથે જ તેમાં પોટેશિયમ પણ હોય છે જે એક્સરસાઈઝ દરમિયાન બ્લડ પ્રેશરને કંટ્રોલ કરે છે.

કલિંગરને ક્યારેય પણ રાતના સમયે ન ખાવું જોઈએ. સામાન્ય રીતે તે દિવસમાં ક્યારેય પણ ખાઈ શકાય છે પરંતુ તેના સેવનનો યોગ્ય સમય બપોરનો છે. ખાસ વાત એ છે કે તેને ખાધા બાદ પાણી, દૂધ, લસ્સી અને કોલ્ડ ડ્રિન્ક જેવી વસ્તુઓનું સેવન ન કરવું જોઈએ.

***

**With Best Compliments from :**

**Dr. Aashish Mody**
**M.S., D.N.B., M.N.A.M.S., F.C.P.S.D.N.B.**



**Dr. Rajat Mody**
**M.S.**

# AASHISH NURSING HOME AND LAPAROSCOPIC SURGERY CENTRE

B/106, Shroff Apt., Sodawala Lane, Borivali (West), Mumbai - 400092
**✆ Hospital : 28904405 • Mobile : 9821392920**

Mr. BHARAT K. DOSHI
98210 27136

BHS

# BINITA HARDWARE STORES

Stockiest of :

M.S. / S.S. / HIGH TENSILE BOLT- NUTS, WASHERS, RIVETS, WIRE NAILS, ANCHOR FASTENERS, ALLEN BOLTS, "U" BOLTS ETC.

Shop No. 1, Gr. Floor, 3 - Narayan Dhuru X Lane, Mumbai - 400 003.
Tel. :2311 2115 / 2344 9280, Telefax :2345 1580
E-mail: nagdevi.mumbai@novatek.net.in

Mr. PRANAV B. DOSHI
98210 28730

# Novatek Electro Engineers Pvt. Ltd.

*"Leads you to The Quality Era"*

**National Distributors For Schneider Electric India P. Ltd.**

Schneider Electric

H.O. (Mumbai) :
306, Prathamesh Tower , B-Wing , Senapati Bapat Marg , Lower Parel , Mumbai - 400 013.
Tel. : (+91-22) 2491 2634 / 35 / 2494 2080 Fax : (+91-22) 2491 2635
E-mail : sales.mumbai@novatek.net.in / operations.mumbai@novatek.net.in

BHIWANDI :
AU-6-7, Rajlaxmi Commercial Complex , At Post Kalher , Bhiwandi, Dist. Thane - 421 302.

**BRANCHES :**
**Bangalore | Chennai | Gurgaon | Hyderabad | Kolkata**

Merlin Gerin
Square D
Telemecanique
CONZERV® Smart Energy Management
MEHER
LEIPOLD
CLIPSAL®
DIGILINK®
APC® by Schneider Electric
LAPPGROUP

**An ISO 9001 : 2008 Certified**


**www.novatek.net.in**

# ઈચ્છા, આશા, અપેક્ષાઓની શરારત

✍ ડૉ. કુમુદ પ્રમોદ ધારીઆ

**આજના સમયમાં ઘણાં યુવાનો-યુવતીઓને લગ્ન કરવાની ઈચ્છા હોય છે, પરંતુ જીવનસાથીની પોતાની અપેક્ષામાં સમાય એવું પાત્ર નથી મળતું. આખરે સમાધાન સધાય છે. ઈચ્છા વિરુદ્ધ સમાધાન કરવું જ પડે છે ને. પ્રત્યેક માનવને અપેક્ષિત જીવન જ જીવવું હોય છે, લાંબા સમય સુધી ઈચ્છિત ફળની અપેક્ષા રાખી સમય વિતાવે છે, આખરે અધીરાઈ, વ્યગ્રતા મન-વિચારો પર કાબૂ મેળવી લઈ પરેશાનીને વધારે છે. સમાધાન કરવાનો નિશ્ચય કરવો પડે છે અને અપેક્ષાઓને ઠુકરાવવી પડે છે. તો બોધપાઠ તો સમભાવની આવશ્યકતાનો જ છે ને ? સંજોગો સાથે સમાધાન જ માનવ જીવનમાં મહત્વનું છે.**

માનવ જાત તીવ્ર, ચપળ, સતેજ, બુદ્ધિશાળી. આપણા રોજીંદા નિત્યક્રમમાં આયોજન કરતા રહેવાની ક્રિયા સ્વાભાવિક હોય છે. સમયપત્રક તીવ્ર યાદશક્તિ ધરાવતા મગજમાં ગોઠવી રાખવું પડે છે. સવારે જાગતા પ્રથમ ક્રિયા આ જ હોય છે. આપણા આયોજન પ્રમાણે કામ પૂરા કરતા રહેવું પડે છે. કામ પૂરા ન થાય તો અકળામણથી મન આક્રોશિત થઈ ઊઠે છે. દા.ત. ઓફિસ સમયસર પહોંચવું છે. વરસાદની મોસમ છે, પણ ઓફિસ જતી વખતે આપણને વરસાદ ન પરવડે. શાળાએ જતા બાળકોને વરસાદમાં રમી લેવાની ઈચ્છા જાગે છે પરંતુ ભીંજાવાની રમત ન પરવડે કારણ કે શાળાના શિક્ષક અને ઘરે માતા-પિતાની ડાંટ ખાવાની તૈયારી બાળકની નથી હોતી, તેથી બાળક વરસાદને ખોટા સમયે નથી આવકારતો. જોવા જઈએ તો આપણા દરેક ક્ષેત્રમાં કુદરત સાથે વિરોધાભાસ છે. સૃષ્ટિ સાથેનો તાલમેલ આપણે જ કરવો પડે. સૃષ્ટિ પોતાનું આયોજન તો ન જ કરી શકે ને ? પણ આપણે બુદ્ધિશાળી માનવ. આપણું ચાલે તો વરસાદનું પણ ટાઈમ ટેબલ ગોઠવી દઈએ. આપણા સ્વાર્થ માટે, આપણા ધારેલા કામોની ઈચ્છા પૂરી કરવા બીજાના કામોના નુકશાનનો ગેરફાયદો તો ન જ લેવાય ને ? દા. ત. આપણે જાણીએ છીએ કે, વરસાદ તો ધરતી પર વરદાન છે. સૃષ્ટિ લીલીછમ વરસાદ થકી જ હોય છે. ફક્ત સૃષ્ટિ જ નહીં માનવ જીવન પણ વરસાદ થકી જ છે ને ? તો વિચાર એ છે કે, વરસાદ સૃષ્ટિને લીલીછમ કરી દે પણ શહેરને તો એ ગંદકીથી ખરડી મૂકે છે ને ? આપણી મુશ્કેલીઓને આસમાને પહોંચાડી દે છે. કટાણે વરસાદ પડે એ વરસાદની શરારત કે માનવીની? આપણે રોજીંદા કાર્યોનું સમયપત્રક બનાવી રાખ્યું હોય એ ઉલટ-પુલટ થઈ જાય એ આપણને ન પરવડે પરંતુ ધરતીની આહટનું શું ? મોરના ટહૂકાનું શું ? મોર નૃત્ય કરે છે તે આપણા માટે નથી કરતો ? એની કળાના આનંદને માણે છે. તેથી નાછૂટકે પણ માનવ જાતને સૃષ્ટિના ટાઈમ ટેબલના અનુયાયી થવું પડે પણ એથી આપણી મુશ્કેલી દૂર થાય ખરી ? સૃષ્ટિ તો પોતાના સમયપત્રકને ગણીને જ ચાલે છે. એ સમયપત્રકની જાણ ધરતી પર જીવનારા દરેક જીવને હોય છે, પરંતુ માનવ અભિમાન..... વરસાદ આપણી સાથે તાલમેલ જાળવે એ અપેક્ષા રાખે છે. માણસનું ધાર્યું ન થાય તો આદત પ્રમાણે હંમેશા દોષ બીજા પર ઢાળે છે. માની લઈએ કે કુદરત સમયપત્રક બનાવે તો મોસમનો વરસાદ એક ખેડૂત પૂજા કરી આવકારે અને ઓફિસ જનારા મનુષ્ય શાળાએ જતા ટીચરો કે બાળકો કે પછી પાપડ વણી સૂકવી બે પૈસા કમાતા લોકો એને નકારે. બિલ્ડીંગો ચણતા કોન્ટ્રેક્ટરો તો સૃષ્ટિને પણ લાલચ આપવાનું વિચારી શકે, કારણ કે માણસ બુદ્ધિશાળી ! આમ માનવ દુનિયામાં આવા તો કંઈ કેટલાય વિરોધાભાસ હોય છે, તો અહીં પ્રશ્ન તો એ થાય કે વરસાદ કોને ધ્યાનમાં રાખી વરસે ? આપણી



TELEPHONE & SWITCHYARD WIRES
HT CABLES
LT CABLES
LAN CABLES
CCTV CABLES
SUBMERSIBLE WIRES
SCREENED CABLES
FLEXIBLE CABLES
JELLY FILLED TELEPHONE CABLES
CO-AXIAL CABLES
SOLAR CABLES
WELDING CABLES
SPEAKER WIRES
INDUSTRIAL WIRES
Concealed Metal Boxes For Modular Series
CLETA
POLYCAB
CABLE GLAND
FANS
CONCEALED METAL BOX
SWITCHES
& MANY MORE PRODUCTS TO BE LAUNCHED
PRABHAT CABLES PVT. LTD.
ESTD : 1958
33, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400 002.
Tel: 2208 5153 / 4922 4200, Fax : 2208 2660
Hotline: Head Office / Sales: *507 • *509
Cable Delivery: *505 • *506 • Flexible & HW Delivery : *112 • *113
Email: info@prabhatcables.com / prabhatcables@gmail.com
Website: www.prabhatcables.com
Distributors :
POLYCAB
WIRES & CABLES

અવનવી અપેક્ષાઓ તો સતત ચકરાતી રહે છે. અપેક્ષાઓ સંપન્ન થતાં આનંદમાં રાચીએ, ઈશ્વર તત્વને વંદન કરી જાતને ઋણી માનીએ અને અપેક્ષાઓ ધારેલા પરિણામ ન પામે તો ઈશ્વર શ્રદ્ધાઃઅંધશ્રદ્ધામાં પરિણમે !

શ્રીમદ્ ભગવત ગીતામાં અપેક્ષા સાથે અનપેક્ષ શબ્દ પણ ઉચ્ચારાયેલો છે. વરસાદ સાચા અર્થમાં તો અનપેક્ષ જ તો છે. વરસાદ થકી લીલીછમ સૃષ્ટિ અને શહેરોમાં થતી ગંદકી, પાણી ભરાતા ઊભરાતી ગટરથી વરસાદ તો પર છે. શહેરની ગંદકી અને વરસાદને શું લાગે-વળગે ? વરસાદ તો કુદરતી છે જ્યારે ઊભરાતી ગટરો અને ગંદકી તો માનવ રચિત છે. વરસાદનું સૌંદર્ય તો એના અનપેક્ષ સમર્પણમાં જ રહેલું છે. કુદરત વર્ષા પોતાના સ્વાર્થ માટે નથી રેલાવતી. ધરતી પર રહેનારા માનવોને અનાજ અને શાતા આપવા જ વરસે છે ને ? કટાક્ષની એક વાત. વરસાદ પડે છે નીચે તરફ, માનવીના સામાન્ય ભાષામાં તો કહી શકાય વરસાદનું તો પતન થયું. આપણી ભાષામાં તો જે નીચે પડે તેનું પતન થયું જ ગણાય છે ને ? જ્યારે કોઈ મોટા ગાર્ડનમાં ફુવારાનું પાણી ઉપર તરફ જાય.

કુદરત રચિત ઉપરથી નીચે વરસતો વરસાદ અધોગામી કહેવાય અને માનવ રચિત ફુવારાનું પાણી ઉપર તરફ જાય તો એ ઉર્ધ્વગામી ગણાય. આવા તો ઘણાંય દાખલાઓ માનવ સમાજ સાથે વણાયેલા છે. દા.ત. કોઈ એક ગૃહિણી મદદ માટે નોકરાણી રાખે અને એ નોકરાણી ક્યારેક ઘરની રાણી પણ થઈ જાય, તો શું માનવું ? નોકરાણી રાખવી કે ન રાખવી ? આપણા સ્ક્રીપ્ચરમાં વાત છે કે, સદીઓ પહેલા રાજા યયાતિએ લાંબા જીવન માટે સગા દીકરાઓ પાસેથી યુવાનીની અપેક્ષા રાખી જ હતી ને ? આ અપેક્ષિત સ્વાર્થને શું કહેવાય ? માન્ય કે અમાન્ય ? યયાતિની બે સુંદર રાણીઓ-દેવયાની અને શર્મિષ્ઠા, ચાર પુત્રો. યયાતિની અપેક્ષાઓનો કોઈ અંત ન હતો. એની ઈચ્છિત આકાંક્ષાઓને સાર્થક કરવા એણે સંત શુક્રાચાર્યની સંજીવની દ્વારા પોતાના સગા દીકરાની યુવાની માંગી લીધી હતી. માતા સીતા જંગલમાં શ્રીરામ પ્રભુ સાથે હતા ત્યારે એમને સોનાના હરણનું આકર્ષણ થયું. એમની ઈચ્છાપૂર્તિ માટે શ્રી રામ પ્રભુ હરણની પાછળ દોડયા અને બીજી બાજુ માતા સીતાનું હરણ થયું. માતા સીતાને સોનાના હરણને બદલે સોનાની નગરી મળી. આમ ઈચ્છા, આશા, અપેક્ષા શરારત જ રમી ગઈ ને ? નિયતિએ રમેલી બાજી શરારતી જ બની રહી ને ?


આજના સમયમાં ઘણાં યુવાનો-યુવતીઓને લગ્ન કરવાની ઈચ્છા હોય છે. પરંતુ જીવનસાથીની પોતાની અપેક્ષામાં સમાય એવું પાત્ર નથી મળતું. આખરે સમાધાન સધાય છે. ઈચ્છા વિરુદ્ધ સમાધાન કરવું જ પડે છે ને. પ્રત્યેક માનવને અપેક્ષિત જીવન જ જીવવું હોય છે. લાંબા સમય સુધી ઈચ્છિત ફળની અપેક્ષા રાખી સમય વિતાવે છે. આખરે અધીરાઈ, વ્યગ્રતા મન-વિચારો પર કાબૂ મેળવી લઈ પરેશાનીને વધારે છે. સમાધાન કરવાનો નિશ્ચય કરવો પડે છે અને અપેક્ષાઓને ઠુકરાવવી પડે છે. તો બોધપાઠ તો સમભાવની આવશ્યકતાનો જ છે ને ? સંજોગો સાથે સમાધાન જ માનવ જીવનમાં મહત્વનું છે. ઈચ્છા-અપેક્ષાઓનો વ્યાપ ઘણો મોટો છે. એક પૂરું થાય અને બીજું ઊગી નીકળે. આમ અપેક્ષાઓની અથડામણ ચાલ્યા કરે કારણ કે માનવ જાત સંતોષી નથી. તેમજ માનવ જગતની સામાજિક વ્યવસ્થામાં તો દરેક વ્યક્તિ માટે અલગ અલગ વ્યાખ્યા હોય છે. ઈચ્છા, અપેક્ષાઓ જ્યારે ટકરાય ત્યારે અનર્થ સર્જાય. વિવેકના નેજા હેઠળ દલીલો દ્વારા એકબીજાની આશા-અપેક્ષાઓનું અપમાન થઈ જાય છે. એકજૂટ રહેતા સંબંધોમાં ગાંઠ બંધાઈ જાય છે જે ક્યારેય ખૂલતી નથી. એક સંસ્થામાં વર્ષોથી સાથે કામ કરતા




entice



englaze



ORIS



enGem

Tripper™

ELCG + MCB Combination
MCB's & DB's

KEW

LS IS

Authorised Distributors : L&T SWITCHGEAR SAFE & SURE

Shivam Kadakia
Mob.: 79774 73064 • 99301 25548

Nilesh Kadakia
Mob.: 98192 17375

# V.B.R. ELEC. & ENGG. CO.

27/33, Pathak Wadi, Ismail Bldg., Lohar Chawl, Mumbai-400002.
Tel.: 2208 7739 | 2206 2026 • Talk Free : *7724 • Email : v.b.r@mtnl.net.in • shivamkadakia71@gmail.com

મેમ્બરોના વિચારોમાં ભીન્નતા કે વૈમનસ્ય હોય તો સૌથી ઊંચી પોસ્ટ પર બિરાજમાનના ધારેલા વિચારો સામે બીજા કાર્યકર્તાઓની અપેક્ષા ધૂળમાં મળી જાય, પછી ભલેને લેવાયેલો નિર્ણય અનુચિત હોય. તેથી આવકારદાયક તો એ જ છે કે, અપેક્ષાની પૂર્ણતાની શંકા હોય તો નિરાશ ન થતાં, બીજી અપેક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરી લેવું જ ઉચિત છે. એક ભમરો પોતાની પાંખમાં ફફડતી ક્ષણને લઈને એક ફૂલ પરથી બીજા ફૂલ પર. એનું ધ્યેય મધ પ્રાપ્તિ જ હોય છે એટલે એ નિરાશ નથી થતો. એ તો અપેક્ષાના બીજા ફૂલ જઈને બેસી જાય !

આપણે માનવે પણ ધારેલું ધ્યેય પામી ન શકીએ તો નિરાશ ન થતાં બીજા ધ્યેય પર મનને સ્થિર કરવા મક્કમ થઈએ અને આપણી આવનારી પેઢીમાં પણ સ્થિર રહેવાના સંસ્કાર ઉછેરીએ. ઈચ્છાઓ, આકાંક્ષાઓ, અપેક્ષાઓ માનવ જીવનમાં આવશ્યક છે, પરંતુ સાથે સમાધાન પણ અતિ આવશ્યક છે. ધાર્યું તો ઈશ્વર તત્વનું જ થવાનું છે પણ આવનારી પેઢીમાં સમાધાન સાધવાના સંસ્કારો તો માતા પિતાએ જ રોપવાના હોય. બાળક આંધી ને તોફાન આવે ત્યારે સ્થિર રહેતા શીખે. જીવનનો ઉદ્દેશ કેળવે. બીજાઓ પર પ્રભુત્વ કેળવવાની આકાંક્ષા એને જાગે તે પહેલાં એ પોતાની જાત પર કાબૂ મેળવે. વિવેકી બને. વિતેલા સંજોગોને વાગોળી ભવિષ્યના એવા આયોજન કરી શકે જે સાર્થક થઈ શકે. ફક્ત વિચારોમાં ન રહેતા, સમજણથી પોતાની મહત્વાકાંક્ષાને ન્યાય આપી શકે જેથી એ સાચી મહત્તાની સરળતાને પોતાની બુદ્ધિમતાના ઔદાર્યને જાણી શકે. સાચી અને સફળ કેળવણી એટલે ઈચ્છેલું પરિણામ માત્ર ઊંડી અભીપ્સાથી નહિ પરંતુ મહેનત, જાત પરના પૂર્ણ વિશ્વાસથી પ્રાપ્ત થતું પરિણામ !

***




NIRAV
Photo Arts

• HD VIDEO SHOOTING • PHOTOGRAPHY
• DESIGNER ALBUM • ONLINE VISION MIXING
• CANDID & PRE WEDDING PHOTOSHOOT & CINEMATOGRAPHY
• STUDIO SETUP • VIDEO HIGHLIGHT
• NEW PHANTOM HELICAM SHOOT • JIMMY JIB
• PRODUCT SHOOT • LED WALL • SCREEN PROJECTOR
• CUTOUT BANNAR WITH DESIGNING WITH STAND

Nirav Parekh / Harshad Parekh
9322515351 / 28282773 / 9821376776

304 A, Sai Dham, L.T.Road, Opp. Fish Market, Dahisar (West), Mumbai- 400 068. INDIA. Mobile : 9322515351 / 9821376776
E-mail : niravphoto@yahoo.com

શાસ્ત્રી ગોપાલભાઈ ભટ્ટ (ગોર)

SANKALP ASTROLOGIST CONSULTANT
JYOTIRVID (MUMBAI)

જ્યોતિષ વિશારદ, કર્મકાંડ વિશારદ


(મૂડેતી - અમદાવાદ)


જ્યોતિષ, મેળાપક, ગ્રહોના જપ, મંડપ મહુર્ત,
ગ્રહશાંતિ, લગ્ન વિધિ, વાસ્તુ શાંતિ, નક્ષત્ર શાંતિ,
શ્રીમંત સંસ્કાર, નવચંડી યજ્ઞ, પિતૃદોષ શાંતિ,
નારાયણ બલી, ડાઉઝિંગ ટેલી થેરેપી દ્વારા
વિવિધ જ્યોતિષ ને લગતા પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન,
વેદોક્ત પુરાણોક્ત,
શાસ્ત્રોક્ત પુષ્ટિમાર્ગ વિધિ વિધાનથી પૂજન
સંતોષપૂર્વક કાર્ય કરનાર
૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩/૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી,
બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬
મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨
Email : bhattgopal59@gmail.com

|| Jay Jay Shree Gokulesh ||

**Atul Kadakia**
**98193 48001 / 70210 44631**

**Nihar Kadakia**
**98330 36101 / 83692 44852**

**FLAT 18% OFF**

# LYFE MEDICO

## CHEMIST & DRUGGIST

**REACH US FOR**
**BABY PRODUCTS, SURGICAL ITEMS, AYURVEDIC & GENERIC MEDICINES, NUTRITION SUPPLEMENTS, DIABETIC MONITORS, BP MONITORS ETC.**

WE ACCEPT & PAYMENT THROUGH

G Pay paytm

FREE HOME DELIVERY

**Address :**
**7, Narayan Wadi, 86-88 B, Khadilkar Road, Mumbai - 400 004 - Phone : 022 67470086**
**Email : lyfemedico@gmail.com**

# ભારતીય રૂપિયાની બોલબાલા

✍ તંત્રી મંડળ તરફથી

ભારતીય રૂપિયો બનશે ગ્લોબલ કરન્સી, ૮ દેશો વેપાર માટે થયા તૈયાર

ભારતમાં ખોલવામાં આવેલા ૪૯ વોસ્ટ્રો ખાતાઓમાં રશિયા, મોરેશિયસ, શ્રીલંકા, મલેશિયા, મ્યાનમાર, સિંગાપોર, ઈઝરાયેલ અને જર્મનીની બેંકોનો સમાવેશ થાય છે, જે આ દેશો સાથે રૂપિયામાં વેપાર કરવાની સુવિધા આપશે.

ભારતીય ચલણ ઝડપથી આંતરરાષ્ટ્રીય ચલણ બનવાના માર્ગે છે. ઉપર જણાવેલાં ૮ દિશો ઉપરાંત બીજા લગભગ ૧૦૦ દેશો રૂપિયામાં ટ્રેડ સેટલમેન્ટ માટે ભારત સાથે વાતચીત કરી રહ્યા છે. ભારતમાં અત્યાર સુધીમાં ૪૯ વોસ્ટ્રો એકાઉન્ટ ખોલવામાં આવ્યા છે. જે અન્યો દેશો સાથે રૂપિયામાં બિઝનેસ કરવા માટે જરૂરી છે.



### ટ્રેડ સેટલમેન્ટ સિસ્ટમની જરૂર

તમને જણાવી દઈએ કે ગયા વર્ષે જુલાઈમાં, ભારતીય રિઝર્વ બેંકે વૈશ્વિક વેપાર વધારવા અને ડોલર પર નિર્ભરતા ઘટાડવાના ઉદ્દેશ્ય સાથે રૂપિયામાં ટ્રેડ સેટલમેન્ટ સિસ્ટમનો પ્રસ્તાવ મૂક્યો હતો. રશિયા-યુક્રેન યુદ્ધ બાદ પશ્ચિમ અને યુરોપિયન દેશો દ્વારા પ્રતિબંધો લાદવામાં આવ્યા બાદ ભારત, આર્જેન્ટિના, બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા સહિત મધ્ય પૂર્વથી લઈને દક્ષિણ પૂર્વ એશિયા સુધીના ઘણા દેશોએ ડોલર પર પોતાનો દાવ લગાવ્યો છે.

### શું છે વોસ્ટ્રો એકાઉન્ટ ?

રશિયાની બે સૌથી મોટી બેંકો, Sberbank અને VTB બેંકે રૂપિયામાં વેપાર કરવા માટે સૌ પ્રથમ વોસ્ટ્રો એકાઉન્ટસ ખોલ્યા. તેની સંખ્યા ૬ મહિનામાં ૫૦ ને સ્પર્શવાની છે. તમને જણાવી દઈએ કે વોસ્ટ્રો એકાઉન્ટ એ બેંક દ્વારા સેટઅપ કરવામાં આવેલ એકાઉન્ટ છે. જે ગ્રાહકોને અન્ય બેંક વતી પૈસા જમા કરવાની સુવિધા પૂરી પાડે છે. વિદેશની બેંક વોસ્ટ્રો એકાઉન્ટ ખોલવા માટે ભારતની બેંકનો સંપર્ક કરી શકે છે, પરંતુ આ માટે બેંકે આરબીઆઈ પાસેથી મંજૂરી લેવી પડશે. આ પછી બંને પક્ષો ચલણના વિનિમય દર, બજાજ દર વગેરે જેવી જરૂરી બાબતો નક્કી કરે છે અને વ્યવસાય શરૂ કરી શકે છે.

'માલ આપો, પૈસા લો' જ્યારે બેંકની વિદેશમાં શાખા ન હોય ત્યારે વોસ્ટ્રો એકાઉન્ટ ખોલવાની જરૂરિયાત ઊભી થાય છે. વોસ્ટ્રો ગ્રાહકોને અન્ય કોઈપણ બેંક ખાતામાં નાણાં જમા કરવાની મંજૂરી આપે છે. હવે જો કોઈ ભારતીય આયાતકારને ઈઝરાયેલમાં વેપાર કરવો હોય તો પહેલાં તેને માત્ર ડોલરમાં જ ચૂકવણી કરવી પડતી હતી. પરંતુ હવે તે તેને ભારતીય કરન્સીમાં ચૂકવી શકશે. તેની ચૂકવણીની રકમ આ વોસ્ટ્રો એકાઉન્ટમાં જમા થાય છે. તેવી જ રીતે, જ્યારે ભારતીય નિકાસકારે માલ અને સેવાઓ માટે રૂપિયામાં ચૂકવણી કરવાની હોય, ત્યારે આ વોસ્ટ્રો એકાઉન્ટમાંથી રકમ કાપીને નિકાસકારના નિયમિત ખાતામાં જમા કરવામાં આવશે.

આજે ગ્લોબલ કરન્સી બનવાની રાહ પર રૂપિયો જઈ રહ્યો છે. તમને જણાવી દઈએ કે કોરોનાના સમયગાળા દરમિયાન ડોલરની મજબૂતીને કારણે વિશ્વના ઘણા દેશો

માટે આયાત મોંઘી થઈ ગઈ હતી. ભારતીય રૂપિયો પણ ડોલર સામે સતત ગગડી રહ્યો છે. રૂપિયામાં બિઝમેસ શરૂ કરવા પાછળનો હેતુ એ છે કે તેનાથી યુ.એસ. ડોલર પરની નિર્ભરતા ઓછી થશે. રૂપિયામાં વેપાર વધવાથી ભારતને ભારતીય ચલણ માટે ખરીદારો શોધવાની જરૂર રહેશે નહીં. એટલું જ નહીં, આંતરરાષ્ટ્રીય બેંકોએ કન્વર્ઝન ફી પણ ચૂકવવી પડશે નહીં. તેનાથી ભારતીય રૂપિયાની માંગ વધશે.

છેલ્લા ૮ દશકાઓ થી અમેરિકન ડોલરનો દબદબો છે. ડોલર એ વિશ્વમાં દરેક દેશોમાં માન્યતા ધરાવતું ચલણ છે. તેથી મોટા ભાગના વ્યવહારો માત્ર ડોલરમાં જ થાય છે. તે ૮ દાયકાથી સમગ્ર નાણાકીય વિશ્વ પર પ્રભુત્વ ધરાવે છે. બીજા વિશ્વયુદ્ધના અંત પછી વિશ્વમાં ભારે હાહાકાર મચી ગયો હતો. ત્યારબાદ ૧૯૪૪માં ૪૪ દેશોના પ્રતિનિધિઓ બેટ્રોન વુડસ્, ન્યૂ હેમ્પશાયરમાં યુદ્ધ પછી વિશ્વની અર્થવ્યવસ્થાને સુધારવા માટે મળ્યા હતા. તે પછી સંમત થયા હતા કે અમેરિકા વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે, સોનાની સામે ડોલરનું મૂલ્ય નક્કી કરશે અને અન્ય દેશો બદલામાં તેમની કરન્સી ડોલર સામે નક્કી કરીશે. દેશોએ હવે તેના વિનિમય દરને જાળવવા માટે ડોલરને અનામતમાં રાખવો પડતો હતો, જેનાથી તે વૈશ્વિક ચલણનું પ્રભુત્વ બની ગયું હતું.

ડોલર બની રહેશે બોસ ? જો કે અને તમને ઉપર જણાવ્યું છે કે અન્ય દેશો પણ પોતાનો 'સિક્કો' ચલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ, વિશ્લેષકોના મતે નજીકના ભવિષ્યમાં ડોલરનું વર્ચસ્વ બદલાય તેની શક્યતા નથી. તેઓ માને છે કે આંતરરાષ્ટ્રીય વેપાર અને વ્યવહારોનું મુખ્ય ચલણ બની રહેશે. અન્ય કોઈ ચલણ તેને બદલવાની નજીક આવ્યું નથી. જો કે વૈશ્વિક નાણાકીય વ્યવસ્થા પર તેની પકડ નબળી પડી શકે છે. હકીકતમાં અગાઉ પણ ડોલરની અસરને તોડવાના પ્રયાસો કરવામાં આવ્યા હતાં. વર્ષ ૧૯૯૯માં યુરોપિયન દેશો દ્વારા 'યુરો'ની કરન્સી સામેલ હતી. જો કે, આમાં સફળતા મળી ન હતી.

### ઝડપથી વિકસતું ચીની ચલણ

હાલમાં વિશ્વની મધ્યસ્થ બેંકો પાસે લગભગ ૬૦ ટકા વિદેશી વિનિમય અનામત ડોલરમાં છે. વર્ષ ૨૦૦૦માં આ આંકતો ૭૦ ટકા હતો. જેમ કે, તે વૈશ્વિક નાણાકીય પ્રણાલીમાં ધીમે ધીમે પરિવર્તન તરફ નિર્દેશ કરે છે. આ છેલ્લા ૨૨ વર્ષમાં યુરો ૧૮ થી ૨૦ ટકાના આંકડા પર પહોંચી ગયો છે. બીજી તરફ ચીનની વાત કરીએ તો ચીનનની કરન્સી રેનમિન્બી ૨.૭૬ ટકાના આંકડા પરક પહોંચી ગઈ છે પરંતુ ૨૦૧૬ પછી સૌથી ઝડપથી વિકસતું ચલણ ચાઈનીઝ રેનમિન્બી છે. તેમને જણાવી દઈએ કે ચીની ચલણ યુઆન અને રેનમિન્બીમાં તફાવત છે. રેનમિન્બી (RMB) એ ચીનના ચલણનું સત્તાવાર નામ છે. RMB ના મુખ્ય એકમને ચાઈનીઝ યુઆન (CNY) કહેવામાં આવે છે.

ભારત સરકારની આશા છે કે ૨૦૪૭ સુધીમાં રૂપિયો બનશે ગ્લોબલ કરન્સી. યુ.એસ. ડોલર, યુરો, યેન અને બ્રિટિશ પાઉન્ડ પછી RMB એ વિશ્વનું સૌથી મોટું ચલણ છે. ચીનની સાથે ભારતના પ્રયાસો પણ રૂપિયાને આંતરરાષ્ટ્રીય ચલણ બનાવવાની દિશામાં છે. યુરોપિયન યુનિયનમાં સમાવિષ્ટ દેશ જર્મની પ્રથમ વખત એશિયાના કોઈપણ ચલણ એટલે કે ભારતીય ચલણ રૂપિયા સાથે વેપાર કરવા આગળ આવ્યો છે. જો ૩૦ દેશો સાથે ભારતનો કારોબાર રૂપિયામાં શરૂ થાય તો રૂપિયો આંતરરાષ્ટ્રીય ચલણ બની જશે. ભારત સરકારનો ઈરાદો ૨૦૪૭ સુધીમાં જ્યારે આઝાદીના ૧૦૦ વર્ષ થાય છે ત્યારે ભારતીય ચલણને આંતરરાષ્ટ્રીય ચલણ તરીકે સ્થાપિત કરવાનો છે.


***




# વન્ય પ્રાણીઓનો પરિચય

## નોળિયો / (Common Mongoose)

**(Herpestes edwardsi) (F - Herpestidse)**



**સ્થાનિક નામ** : નોળિયો

**શારીરિક રચના અને જીવનચક્ર**

**લંબાઈ** : ૬૦ - ૮૦ સે.મી. (જેમાં ૩૫ -૫૦ સે.મી. પૂંછડી)

**વજન** : ૨ કિ.ગ્રા.

**ગર્ભકાળ** : ૨ માસ, ૩ થી ૪ બચ્ચાં

**આયુષ્ય** : ૧૦ થી ૧૫ વર્ષ

**પ્રજનન** : વર્ષમાં કોઈપણ ભાગમાં

**દેખાવ** : પીળા ભુખરાં રંગના વાળવાળું લાંબુ પાતળું શરીર અને બાકીના શરીર જેટલી લાંબી પૂંછડી, શરીર પર કોઈ ટપકાં હોતા નથી.

**ખોરાક** : ઉંદર, સાપ, કાંચિડા, દેડકાં, વીંછી, પંખીઓના ઈંડા, ફળ, મૂળ અને મરેલાં પ્રાણી.

**વ્યાપ** : સમગ્ર ગુજરાતમાં જોવા મળે છે.

**રહેણાંક** : આછા જંગલ, ખુલ્લા ઘાંસિયા વિસ્તાર, ઝાડીવાળો વિસ્તાર, સીમ તથા ખેતરોમાં પણ જોવા મળે છે.


**વર્તણૂક** : ગમે ત્યારે રસ્તા ઉપર જોઈ શકાય. ઝાડની બખોલમાં તથા ઝાડી પાસે દર બનાવીને રહે છે. કોઈકવાર નોળિયાનું આખું કુટુંબ ફરતું કે રસ્તા પસાર કરતું પણ જોવા મળે છે.

**ઉપસ્થિત અંગેના ચિન્હો :** ગામમાં રાત્રે મરઘાઓનું એક સામટું મારણ થયેલું હોય તો તે નોળિયા દ્વારા હોઈ શકે છે.

**આ નોળિયાની ત્રણ પેટા જાતિઓ છે. નોળિયા સાપના વિષની ઘાતક અસરથી સંપૂર્ણત : મુક્ત રહી શકતા નથી. આમ છતાં, અન્ય પ્રાણીઓ કરતા તેમના પર સાપના વિષની ઓછી અસર થાય છે. (જો કે આ શેળા ભૂંડા જેવા અપવાદરૂપ પ્રાણીઓ માટે પણ આ સત્ય છે.) સાપ સાથેની લડાઈ દરમિયાન સાપ કરડી જાય તો નોળિયો અમુક ખાસ પ્રકારની વનસ્પતિના મૂળ ચાવીને ઝેરની અસર ઉતારતો હોવાની વાત એક માન્યતા જ છે. લડાઈ દરમિયાન ઉત્તેજનાથી નોળિયાના વાળ ઊંચા અને ટટ્ટાર થઈ જતાં હોય છે. આવા વાળ સાપના બચકાથી રક્ષણ આપે છે.**

# શાહુડી / શેઢાળી (INDIAN PORCUPINE)

**(Hystrix indica indica) (F - Hystricidae)**



**સ્થાનિક નામ** : શાહુડી/શેઢાળી

**શારીરિક રચના અને જીવનચક્ર**

**લંબાઈ** : ૬૦ - ૭૦ સે.મી.

**વજન** : ૧૦ કિ.ગ્રા.

**ગર્ભકાળ** : ૨ માસ, ૨ - ૪ બચ્ચાં

**આયુષ્ય** : ૧૦ - ૧૫ વર્ષ

**પ્રજનન** : ડિસેમ્બર - માર્ચ

**દેખાવ** : શાહુડી સફેદ, અણીદાર કાંટાથી ઓળખાય છે. પ્રાણી જ્યારે ભયમાં હોય ત્યારે પાછલાં અણીદાર કાંટાથી હુમલાખોરનો સામનો કરે છે.

**ખોરાક** : તમામ જાતનાં અનાજ, ફળ, શાક, કંદમૂળ તેનો મુખ્ય ખોરાક છે.

**વ્યાપ** : સમગ્ર ગુજરાત

**રહેણાંક** : બખોલમાં રહે છે. ડુંગરો અને ડુંગરો પાસેની જગ્યા, તળાવના પાળા પર કે ઝરણાં-નદીની પાસે બખોલ બનાવે છે.

**વર્તણૂક** : જમીનમાં બહુ લાંબુ દર બનાવીને રહે છે. દરની આસપાસ સફેદ કાંટા પડેલા જોઈ શકાય છે. આ પ્રાણી નિશાચર છે. આથી દિવસે દેખાવાની શક્યતા ઘણી ઓછી હોય છે.

**ઉપસ્થિત અંગેના ચિન્હો :** આ પ્રાણીની હગારથી ત્રણ ગોળ સિગાર જેવ લીંડીઓ હારમાં જોવા મળે છે. તે મરેલાં ઢોરનાં હાડકાં કોતરીને ખાય છે. શાહુડીનાં દર પાસે આવા હાડકાંના કોતરેલા ટુકડા જોવા મળી શકે છે. આવી નિશાની જોવા મળે તો તે શાહુડી દ્વારા થયેલ હોઈ શકે છે. પગલાઓ તેમજ શરીરનાં કાંટાઓ ઉપરથી પણ હાજરી જાણી શકાય.

**શાહુડી એક કર્તનશીલ પ્રાણી છે, જે નિશાચર છે. તેની પૂંછડી ટૂંકી અને મોટી સળીઓ (ક્વિલ્સ) થી છવાયેલી હોય છે. જ્યારે શાહુડીને ખતરો જણાય ત્યારે તે આ સળીઓથી ઘૂઘરા જેવો અવાજ (રેટલિંગ) કરે છે. જ્યારે કોઈ પ્રાણી શાહુડી પર હુમલો કરે ત્યારે પ્રથમ તો આવો અવાજ કરીને તે દુશ્મનને ચેતવણી આપે છે. જો દુશ્મન ન માને તો તે પાછલા પગે દોડી જઈને કાંટા જેવી સળીઓને દુશ્મનમાં ખૂંપાવી દે છે.**

---

## આતિથ્ય — Coconut Sushi Sandesh

**✍ લીના મંજુલ ધારીઆ**


**સામગ્રી :** ૧ લીટર ગાયનું દૂધ, ૨ ટેબલ સ્પૂન ડેસીકેટેડ કોપરું, ૨ ટેબલ સ્પૂન ફ્રેશ નાળિયેરની જાડી મલાઈ, ૨ ટેબલ સ્પૂન બદામની સળી, ૧-૨ ડ્રોપ કેવરા એસેન્સ, ૧-૨ ટેબલ સ્પૂન લીંબુનો રસ, ૨ ટેબલ સ્પૂન મિસરી સાકરનો પાવડર, ગોલ્ડન પેપર (eatable).

**રીત :** દૂધને ગરમ કરવું. પછી તેમાં લીંબુનો રસ નાખી ફાડી લેવું. તેને પાણીથી ધોઈને ગાળી બધું પાણી કાઢી લેવું. ત્યારબાદ તેમાં સાકર, ૧ ટેબલ સ્પૂન જાડી કાપેલી મલાઈ, ૧ ટેબલ સ્પૂન બદામની સળી અને એસેન્સ નાખી મિક્સ કરી અડધો કલાક માટે ફ્રીઝમાં મૂકવું. ત્યારબાદ તેને Sushi નો શેપ આપવો અને વચ્ચે ફ્રેશ કોપરું અને બદામ તેમજ સુકુ કોપરું નાંખી મિક્સ કરી વચ્ચે ભરવું અને Sushi ને કોપરામાં રગદોળવું અને મૂકવું. તેની ઉપર મલાઈ અને ગોલ્ડન પેપરથી ડેકોરેટ કરવું.

***

# સસલું (INDIAN HARE)

**(Lepus nigricollis) (F - Leporidae)**



**સ્થાનિક નામ** : સસલું, ખરગોશ, સસા

**શારીરિક રચના અને જીવનચક્ર**

**લંબાઈ** : ૪૦ - ૫૦ સે.મી.

**વજન** : ૨.૫. થી ૩ કિ.ગ્રા.

**ગર્ભકાળ** : ૨ માસ ૧ થી ૨ બચ્ચા આપે છે.

**પ્રજનન** : ઓક્ટોબર થી ફેબ્રુઆરી

**દેખાવ** : ઘેરા બદામી રંગનું શરીર. એક પેટા જાતિ 'નાઈગ્રિકોલિસ'ની ગરદન પર કાળો રંગ, ગળાના ભાગે બદામી વાળ, પૂંછડીનો ઉપરનો ભાગ કાળો.

**ખોરાક** : શાકાહારી, ઘાસ, કંદમૂળ, ફળ-ફૂલ, બીજ વગેરે ખાય છે.

**વ્યાપ** : સમગ્ર ગુજરાતમાં અનુકૂળ સ્થળે વસે છે. 'નાઈગ્રિકોલિસ' અને 'રુફિકાઉડાટસ' એમ બે પેટાજાતિ જોવા મળે છે.

**રહેણાંક** : ખુલ્લા ઘાંસિયા વિસ્તાર, ઝાડીવાળાં આછાં જંગલ અને ખેતરો પાસેનાં વગડામાં.

**વર્તણૂક** : સસલું સામાન્યત : રાત્રિના સમયે સક્રિય હોય છે, પરંતુ સલામતી હોય તો દિવસે પણ ઘાસ ચરતું જોવા મળી શકે છે. દિવસ દરમિયાન ઝાડીમાં છુપાઈને રહે છે અથવા બખોલમાં હોય છે.

**ઉપસ્થિત અંગેના ચિન્હો :** સસલાંની હગાર સુકાય ત્યારે ટીકડી જેવી થઈ જાય છે. ઝાડી પાસે જોવા મળે છે તેના પરથી પણ ઉપસ્થિતિ જાણી શકાય છે.

**સસલાંના ઘણાં દુશ્મનો છે : જેમાં લોંકડી, નોળિયા, જંગલી બિલાડી, ગામઠી કૂતરાં વગેરેનો સમાવેશ થાય છે. ઘણાં સસલાં ગામડાં અને ખેતરોની આસપાસમાં વસે છે. ગરમ ઋતુ દરમિયાન જો ઘાસ ઓછું મળવા માંડે તો રસ્તાઓની બાજુઓ પર અથવા ઘરોના પ્રાંગણમાં પણ આવી ચડે છે. તેઓ ગાઢ જંગલમાં ઓછો વસવાટ કરે છે.**

---

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

### અનુકરણીય દાન

સખાવતિ દાતાશ્રીઓ તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલી

૧. શ્રી દીલીપ જંયતીલાલ ધારીઆ રૂા. ૧,૫૦,૦૦૦/-

સંસ્થાની કારોબારી સમિતીના સૌ સભ્યો દાતા પરિવારનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

**કારોબારી સમિતી વતી - શ્રી મંજુલ ધારીઆ, શ્રી અનીશ ગાંધી તથા શ્રી સમીર શાહ - માનદ્ મંત્રીઓ**

# હિંડોળા ખાટ

# સુવાક્ય

| આરંભ | | અંત | |
|---|---|---|---|
| ૧. | આર્થિક સ્થિતી કેટલી પણ સારી હોય, પણ... જીવનનો આનંદ લેવા માટે.... | ક. | પરસેવે ન્હાય એ કિસ્મતને બદલી નાખે છે. |
| ૨. | ક્યારેક કાગળ કોરો છોડી દેવાની પણ મજા છે. | ખ. | ત્યાં સુધી તમને કોઈ હરાવી ના શકે. |
| ૩. | પાણીથી ન્હાય તે કપડાં બદલી શકે છે, પણ.... | ગ. | મનનું પરિવર્તન જ તમારો દુઃખોનો ખેલ છે. |
| ૪. | જીવન કેવી રીતે જીવવાનું એ..... | ઘ. | દિલમાં જગા બનાવવામાં જીંદગી નીકળી જાય છે. |
| ૫. | બહુ જ સરળ છે જમીન પર મકાન બનાવી લેવું. | ચ. | સફળતા મેળવ્યા પછી નમ્રતા રાખવી ખુબ મુશ્કેલ હોય છે. |
| ૬. | જ્યાં સુધી તમે ખુદ મેદાન છોડીને ના જાવ, | છ. | માનસિક સ્થિતી સારી હોવી જોઈએ. |
| ૭. | નામ, નસીબ અને નફો એ કુદરતનો ખેલ છે. | જ. | જેમના દિલ ચહેરાથી વધારે ખુબસુરત હોય. |
| ૮. | પોતાની પીડા માટે સંસારને દોષ ના આપો. | ઝ. | કોને ક્યારે શું આપવું એ ઉપરવાળો જ નક્કી કરે છે. |
| ૯. | નિષ્ફળતા મેળવ્યા બાદ હિંમત રાખવી સહેલી છે. પરંતુ, | ટ. | લખેલા શબ્દોમાં ઓળખાઈ જાય છે માણસ. |
| ૧૦. | જીંદગીમાં હંમેશા એવા લોકો પસંદ કરો | ઠ. | ભગવદ્ ગીતા શીખવે છે. |

જવાબ : ૧-છ, ૨-ટ, ૩-ક, ૪-ઠ, ૫-ઘ, ૬-ખ, ૭-ઝ, ૮-ગ, ૯-ચ, ૧૦-જ


**Dr. Rita Gandhi**

Holistic Wings

**- Mind Body & Soul**

Reach out to me for personal consultations and group lectures on Natural Lifestyle for your robust health.

***Also expertise in***

- **Nutritional Counselling**
- **Alternate Therapy**
- **Health & Wellness Talks**
- **Oil/Fat Free Herbal/Vegan/Vegetarian Cooking Classes**
- **Healing with Colours, Chakras and Grahas**
- **Reiki Grand Master**
- **Ramal Shastra Astrologer**

Healed many people of their health aliments with Natural Lifestyle changes.

***Connect for more details :***

**Mobile No. : +91 9987390705**

**Email : rmgandhi54@gmail.com**

**Consultation with prior appointment**

।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**

**જ્યો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**

(બી.એ.વીથ સંસ્કૃત) (જ્યોતિષ વિશારદ મુંબઈ)

**જ્યોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોક્ત સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી, રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.

**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**

**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

# સિનિયર સિટીઝન ફ્રેંડ ગ્રુપ

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ તથા શ્રી વલ્લભ સત્સંગ મંડળ પ્રેરીત

શ્રી વાડાસિનોર જ્ઞાતિના તેમજ સર્વે વૈષ્ણવો જોગ, સર્વેને જય જય શ્રી ગોકુલેશ

## ચંપારણ્ય યાત્રા પ્રવાસ

સહર્ષ જણાવવાનું કે, ઉપરોક્ત સંઘના નેજા હેઠળ ચંપારણ્યની યાત્રાનું આયોજન હાથ ધરાયું છે. આ પ્રવાસ ૨ ઓગષ્ટ ૨૦૨૩ (કુર્લા થી રાતના ૮.૩૫ કલાકે) થી ૯ ઓગષ્ટ ૨૦૨૩ (કુર્લા સવારે ૪.૦૦ કલાકે પહોંચવાની તારીખ) દરમ્યાન ઉપડશે. યાત્રાની સંપૂર્ણ વિગતો હાલમાં નક્કી થઈ રહેલ છે.

અંદાજે પ્રવાસી દીઠ યાત્રા ખર્ચ રૂા. ૧૫,૦૦૦/- (મનોરથના ખર્ચ સાથે)

પ્રવાસ મુંબઈથી શરૂ થઈને મુંબઈ સમાપ્ત થશે. પ્રવાસ દરમ્યાન બેઠકમાં ઝારી ભરવાની જોગવાઈ શક્ય હશે તો કરવામાં આવશે. યાત્રા ૩/૨ ટીયર એ.સી. ટ્રેન દ્વારા પ્રવાસ. (૨ ટીયર એ.સી. ટ્રેનમાં પ્રવાસ કરવા ઈચ્છતા યાત્રીઓએ ટિકિટ નાં વધારનો ચાર્જ ભરવાનો રહેશે. નોન એ.સી. રૂમની વ્યવસ્થા (કપલ દીઠ) શક્યતા પ્રમાણે. ગણી ગાઠી એ.સી. રૂમનું વ્યવસ્થા (કપલ દીઠ) હોવાથી વહેલો તે પહેલો ના ધોરણે આપવામાં આવશે. તે માટે ઠરાવીક વધુ રકમ પ્રતી યાત્રી લેવામાં આવશે. નોન એ.સી. બસ દ્વારા પ્રવાસ (રાયપુર થી ચંપારણ્ય અને પરત). સવારના બેડ ટી થી લઈને રાતના મસાલા મિલ્ક, બન્ને સમયનું સ્વાદિષ્ટ ભોજન, સવારનો ગરમ નાસ્તો.

યાત્રામાં કુલ ૭૫ કપલ એટલે કે ૧૫૦ વ્યક્તિઓ **વહેલો તે પહેલોના ધોરણે** લેવામાં આવશે. ત્યારબાદ નોંધાયેલ યાત્રી વેઈટ લિસ્ટમાં રહેશે. તા. ૦૧.૦૪.૨૦૨૩ થી રોજ નીચેના સ્થળેથી યાત્રા માટેના ફોર્મ આપવામાં તથા સ્વિકારવામાં આવશે.

**બાલાસિનોર પ્રગતિ સમાજ : બાબુગેનુ રોડ, કાલબાદેવી, કિર્તીભાઈ કડકીઆ - સાંજે ૩ થી ૫**

સંપૂર્ણ વિગતો ભરેલા ફોર્મ પ્રવાસી દીઠ રૂા. ૧૦,૦૦૦/- * સાથે સમય ૩ થી ૫ દરમ્યાન નીચેના સ્થળે સ્વીકારવામાં આવશે. બાકી રકમ ભરવા માટે આપનો સંપર્ક સાધવામાં આવશે.

**બાલાસિનોર પ્રગતિ સમાજ : બાબુગેનુ રોડ, કાલબાદેવી. સમાજના હોદ્દેદારો દ્વારા સાંજે ૩ થી ૫.**

**વધુ વિગતો માટે નીચે જણાવેલ નંબર પર સંપર્ક સાધવા વિનંતી.**

**શ્રી મંજુલ શૈલેષકુમાર ધારીઆ** — **૯૮૨૦૧૩૫૦૧૪**

**શ્રી પ્રકાશ એન. દેસાઈ** — **૯૮૨૧૧૭૩૪૮૮**

**શ્રી હરેન્દ્ર એન. દેસાઈ** — **૯૮૯૨૪૦૩૮૭૫**

*** ખાસ નોંધ : બુકિંગ સમયે ભરેલ રકમ કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહીં.**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં માહે જાન્યુઆરી ૨૦૨૩ ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, ઓપીડી તેમજ સર્જીકલ ડ્રેસીંગ, આંખ, માનસિક, સોનોગ્રાફી, મોબાઈલ. ફિજીયોથેરાપી તેમજ ઈમરજન્સીમાં કુલ ૬૭૦૩ દર્દીઓએ, એક્ષરે વિભાગમાં ૨૧૩ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૨૭૬૪ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જનના મેજર ઓપરેશન ૦૮, માયનોર ઓપરેશન ૧૪, ગાયનેકના મેજર ૧૩૦ ઓપરેશન પૈકી ૧૦૮ કુટુંબ કલ્યાણનાં તથા માયનોર ઓપરેશન ૦૫ તથા ઈ.એન.ટી. માયનોર ઓપરેશન ૨૫ તેમજ આંખના મેજર ઓપરેશન ૨૪૦ કરવામાં આવેલ છે. તેમજ દવાની કુલ માફી રૂા. ૮૧૦૨૮૫/- તેમજ ઈનડોરમાં રૂા. ૨૫૮૭૫૦/- ની માફી તેમજ ઓ.પી.ડી.માં (લેબ, એક્ષરે, ઓક્સિજન વિગેરેમાં) રૂા. ૭૩૧૬૫/-ની માફી મળીને કુલ રૂા. ૧૧૪૨૨૦૦/- ની માફી કરવામાં આવેલ છે.

**હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ**

૧. **કુસુમબેન કિર્તનલાલ પારેખ છારીનો કેમ્પ :** તા. ૨૦.૦૧.૨૦૨૩ ના રોજ ૫૦ દર્દીઓની આંખમાંથી રાહતદરે છારી કાઢવામાં આવેલ.

૨. **મણીબેન મોહનલાલ શાહ (વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરશી) ઈકો કેમ્પ : તા.** ૦૫.૦૧.૨૦૨૩ ના રોજ ૩૫ દર્દીઓના તથા તા. ૧૯.૦૧.૨૦૨૩ના રોજ ૪૮ દર્દીઓના ઈકો રાહત દરે કરવામાં આવેલ.

**કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશીયાલીટી સેન્ટર**માં માહે જાન્યુઆરી ૨૦૨૩ ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈ.એન.ટી., ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી તેમજ ગેસ્ટ્રોલોજીનાં મળી કુલ ૧૬૭૫ દર્દીઓએ તથા એક્ષરે વિભાગમાં ૨૬૬ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૮૯૭ દર્દીઓએ તેમજ સીટીસ્કેન વિભાગમાં ૮૮ દર્દીઓએ લાભ લીધેલ છે. રૂા. ૨૪૮૩૭/- ની દવા માફી, તથા ઈનડોર રૂા. ૨૨૫૦૦/- તથા પેથોલોજીમાં માફી રૂા. ૫૭૩૦/- અને એક્સ રે માફી રૂા. ૫૦૦/- મળીને કુલ રૂા. ૫૩૫૬૭/- ની માફી કરવામાં આવેલ છે તથા ડાયાલીસીસમાં સરકારશ્રીની યોજના હેઠળ ૨૨૪ દર્દીઓએ લાભ લીધેલ છે.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે સખાવતી દાતાશ્રીઓનો સન્માન સમારંભ તા. ૨૬.૦૨.૨૦૨૩ ને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે હોસ્પિટલના પટાંગણમાં સંસ્થાના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ કીર્તનલાલ દેસાઈના અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલ.

સમારંભની શરૂઆત પ્રાર્થના દ્વારા ઉદઘોષક તરીકે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ બાલાસિનોરના પ્રોફેસર શ્રી રજનીકાંત ભટ્ટે કરી હતી. સ્વાગત પ્રવચન સંસ્થાના પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ કર્યું હતું.

સંદેશા વાંચનમાં ટ્રસ્ટના પાયાના અને સક્રિય તેમજ સંનિષ્ઠ કાર્યકર મુરબ્બી શ્રી રસીકકાકા (દેવ) હાલ મુંબઈ હોઈ અને ઉંમરના હિસાબે સમારંભમાં હાજર રહી શકે તેમ ના હોવાથી તેઓશ્રીએ મોકલાવેલ સંદેશો પ્રોફેસર રજનીકાંત ભટ્ટે વાંચી સંભળાવ્યો હતો. ડૉ. શિશિરભાઈ પી. ગાંધીનું શાલ ઓઢાડી તેમજ સંસ્થાના મંત્રીશ્રી રજનીકાંત શાહ દ્વારા પુષ્પગુચ્છ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. તેઓશ્રીએ સમારંભને અનુરૂપ સંબોધન કર્યું હતું.

માનનીય શ્રી નરેશભાઈ વેદ હાજર રહી શક્યા નહોતા. તેઓશ્રીની અનઉપસ્થિતિમાં શ્રી મુકેશભાઈ ગાંધીએ દાનનો મહિમા સમજાવતું વિસ્તારપૂર્વક પ્રવચન કર્યું હતું. સંસદ સભ્ય શ્રી રતનસિંહ રાઠોડનું શાલ ઓઢાડી અને પુષ્પ ગુચ્છથી સ્વાગત કર્યું હતું. તેઓશ્રીએ પ્રાસંગિક પ્રવચન કરીને આપણને સંસ્થાના વિકાસમાં જ્યાં જ્યાં સરકારી વહીવટી

કામકાજમાં જરૂર પડે ત્યાં તેઓશ્રી આપણને મદદરૂપ થવા માટેની ખાસ હૈયાધારણા આપેલ છે. વર્તમાન ધારાસભ્ય શ્રી માનસિંહભાઈ કે ચૌહાણનું શાલ ઓઢાડી તેમજ પુષ્પ ગુચ્છ આપીને સ્વાગત કરવામાં આવેલું. માજી ધારાસભ્ય શ્રી તેમજ ડીરેક્ટર ઓફ અમુલ શ્રી રાજેશભાઈ પાઠકનું શાલ ઓઢાડી તેમજ પુષ્પ ગુચ્છ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. તેઓશ્રી એ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું અને તેઓને જે હૃદય રોગનો હુમલા (હાર્ટ એટેક) આવેલો અને આપણી નવી હોસ્પિટલમાં તેમને જીવતદાન મળ્યું તે માટે તેઓશ્રીએ હોસ્પિટલના ડૉક્ટરશ્રીઓનો આભાર માન્યો હતો. મુખ્ય મહેમાન શ્રી દિનેશચંદ્ર ચીમનલાલ પરીખ (રાઠોડીયા) નું શાલ ઓઢાડી તેમજ પુષ્પ ગુચ્છ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. તેઓશ્રીએ પણ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું અને ટ્રસ્ટમાં રૂપિયા બે લાખના દાનની જાહેરાત કરી હતી. ત્યારબાદ ટ્રસ્ટમાં દાન આપનાર નીચે મુજબના સખાવતી દાતાશ્રીઓ પૈકી જેઓએ સન્માન સ્વીકારેલ છે તેઓનું શાલ ઓઢાડીને તેમજ મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

૧) શ્રી શરદચંદ્ર જયંતીલાલ કડકીઆ (વલ્લભઘેલા) (U.S.A.)
૨) શ્રી શશીકાંત મોહનલાલ ધારીઆ (કુણીવાલા)
૩) એક અનામી દાતા
૪) એક અનામી દાતા
૫) શ્રી બાલાસિનોર તાલુકા સ્ત્રી કેળવણી મંડળ
૬) શ્રીમતી શરીફાબેન અબ્દુલરસીદ શેખ (પોચાવાલા) હસ્તે : શ્રી મહંમદ ઉર્ફે અબ્દુલરસીદ શેખ (પોચાવાલા)
૭) સ્વ. ગોરધનભાઈ સોમાભાઈ પટેલની સ્મૃતિમાં હસ્તે : શ્રીમતી સવિતાબેન ગોરધનભાઈ પટેલ
૮) શ્રી ગૌરાંગભાઈ નટવરલાલ પરીખ (વોરા)
૯) હેમલત્તાબેન ગોપાલભાઈ કડકીઆ તરફથી ગોપાલભાઈ ચીમનલાલ કડકીઆની સ્મૃતિમાં

અંતમાં સમારંભની આભારવિધિ કારોબારી મંત્રી શ્રી જતીનભાઈ દેસાઈએ કરી હતી.

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન :**

| | |
|---|---|
| ૧) રિદ્ધી, ચિરાગ, અર્પણ શાહ (U.S.A.) (નર્સિંગ કોલેજના ચાર કોમન રૂમના નામકરણ માટે) | રૂા. ૧૦,૦૦,૦૦૦/- |
| ૨) શ્રીમતી ગીતાબેન દિનેશચંદ્ર પરીખ હસ્તે : શ્રી દિનેશભાઈ ચીમનલાલ પરીખ (રાઠોડીયા) | રૂા. ૨,૦૦,૦૦૦/- |
| ૩) એક અનામી દાતા | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૪) શ્રીમતી કુસુમબેન ગોકલદાસ ગાંધી (પરબડીવાલા) | રૂા. ૫૧,૦૦૧/- |
| ૫) શ્રી પીયુષભાઈ કોદરલાલ પરીખ (સુબા) હસ્તે - નીરવ અને સ્વીટી | રૂા. ૧૧,૦૦૧/- |
| ૬) શ્રી હરીશકુમાર જમીયતરામ અરોરા | રૂા. ૧૧,૦૦૧/- |

જ્યોતિપુંજના ગત અંકમાં નર્સિંગ કોલેજના દાન માટે જે અપીલ કરવામાં આવી હતી તે અપીલનો સર્વે સખાવતી દાતાશ્રીઓએ યોગ્ય પ્રતિસાદ આપવા વિનંતી છે. તેમજ આ અંગે અપીલમાં જણાવેલ હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એમ. નર્સિંગ કોર્સ તથા બી.એસ.સી. નર્સિંગ કોલેજની ગુજરાત નર્સિંગ કાઉન્સિલ તરફથી મળેલ માન્યતા મુજબ આ બેઉ કોર્સ ચાલુ થઈ ગયેલ છે.

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત યોજનામાં રૂા. ૧૧૦૦૦/-** નો ફાળો નોંધાવી ગરીબ દર્દીઓને રાહત દરે દવાઓ આપવા સહભાગી થવા વિનંતી.

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫૦૦૦ /- ભરી આજીવન સભ્ય થવા વિનંતી.**

**શ્રી પરેશ પરીખ / શ્રી જતીન દેસાઈ - માનદ્ મંત્રીશ્રીઓ**

# TAEKWONDO (SOUTH KOREA MARTIAL ARTS)

## Kian Rikin Desai's achievements:

1) He won silver medal in Taekwondo International championship 2021, organised by South Korea.
2) He won bronze medal in 2nd Heroes Taekwondo Poomsae International league 2021.
3) He won silver medal U-45 kgs. Male Kyorugi in Mumbai District Taekwondo Championship 2021 at Dharavi Sports Complex.
4) He won Gold medal in 1st Open National Championship 2022, held by Khelo Taekwondo Guru Nanak Khalsa College.
5) He won Silver medal in Khelo Taekwondo Open National Championship 2022 in Kyurogi (fight).
6) He won Gold medal in Mumbai District in Kyurogi Taekwondo Championship (2022-23), selected for State level competition.
7) He won silver medal in Nashik, Maharashtra state.
8) He won Gold medal in JSTARC Battleground Taekwondo Championship 2022, at Virar.
9) He won Gold medal in 1st Star One Taekwondo Championship 2022 in Sub- Mumbai.
10) He won one Gold medal Poomsae and one Bronze medal Kyurogi in Sinhagad Taekwondo Festival 2022, in Pune.
11) He won one Gold Medal and one Bronze Medal in Maharashtra District Poomsae Taekwondo championship 2023 and selected for State Level.
12) He won one Gold and one Silver medal in Maharashtra State Poomsae Taekwondo Championship 2023 at Ahmadnagar and selected for National level at Erode, Tamilnadu.
13) He won Gold Medal in Nationals in Erode, Tamilnadu 2023. Now he become a Gold Medalist.
14) He was faciliated with a trophy by Green Lawns School, Worli , on Annual Day.
15) He won 4 Gold Medals in National Championship 2023 at Pune Kharadi. Kyurogi - Gold Medal Individual Poomsae - Gold Medal Pair Poomsae - Gold Medal Team Poomsae - Gold Medal

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

- **શ્રી જસ્મીન બિપીન શેઠ (અત્તરવાલા)**
  ફ્લેટ નંબર - ૨૧/૨૨, બીજે માળે,
  ધ ધન ભવન નંબર-૧ કો.હા.સો. લિ.
  ૫, ગઝદર સ્ટ્રીટ, ચીરા બજાર, જે.એસ.એસ. રોડ,
  મુંબઈ - ૪૦૦૦૦૨
  **જસ્મીન - ૯૮૨૦૮૩૦૦૬૦**
  **પારુલ - ૯૯૨૦૮૩૦૦૬૦**
- **શ્રી સમીર દેસાઈ**
  ૩૦૨, વિવારીયા ટાવર - ઈ, ૩જે માળે,
  સાને ગુરુજી માર્ગ, આગ્રીપાડા, મુંબઈ - ૪૦૦૦૧૧

### મૃત્યુ નોંધ

- પ્રવિણચંદ્ર મણીલાલ શાહ (બેઆની) ૯૧


**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

Authorised Distributors

# POLYCAB

WIRES & CABLES



- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA** +91 9769025153

## PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office,
Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections®

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.Contact: ☎ 2361 2848 - 2369 4166, 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

Celebrating 25th Year

IES®

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS®

Your Indian Distribution Partner

Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE® AVA AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO

ANOLIS ASHLY lumenradio Luminex CAPTURE PENTON DJPOWER

Concept • Design • Installation • Supply • Training • Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh
& Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.